
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૫

## શ્રી ધર્મનાથ ભગવાન



## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૫

## શ્રી ધર્મનાથ ભગવાન


**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| વૈશાખ સુદી સાતમે | શ્રી જ્ઞાનવિમલજી | ૧ |
| વિજય વિમાન થકી ચવ્યા | શ્રી વીરવિજયજી | ૨ |
| ભાનુનંદન ધર્મનાથ | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| ધર્મજિનેશ્વર તું કીમ વિસરે | શ્રી મોહનવિજયજી | ૩ |
| ધર્મ-જિનેશ્વર ગાઊં રંગશું | શ્રી આનંદઘનજી | ૪ |
| થાશું પ્રેમ બન્યો છે રાજા | શ્રી યશોવિજયજી | ૫ |
| ધરમનાથ ! તુજ સરખો | શ્રી યશોવિજયજી | ૬ |
| રતનપુરી નયરી હુઓ રે લાલ | શ્રી યશોવિજયજી | ૭ |
| લ્યોને લ્યોને લ્યોને મુજરો | શ્રી ભાણવિજયજી | ૭ |
| પરમેસરશું પ્રીતડી રે | શ્રી આનંદવર્ધનજી | ૮ |
| ધર્મ-જિનેસર દેવ દરસણ | શ્રી લક્ષ્મીવિમલજી | ૯ |
| શ્રીધરમ-જિણંદ ! દયાળજી | શ્રી માનવિજયજી | ૧૦ |
| ધર્મ-જિનેસર ! ધર્મ-ધુરંધર | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૧ |
| ધરમજિન ! ધરમતણો દાતાર | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| ધર્મનાથનેં સેવતાં રે | શ્રી વિનયવિજયજી | ૧૩ |
| જબ મેં મૂરત દેખી પ્રભુ | શ્રી હરખચંદજી | ૧૪ |
| વંછિત ફળ દાતાર ભવિ | શ્રી નયવિજયજી | ૧૪ |
| માહરા મનનો સાંસા | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વારૂરે વાહલા ! વારૂ તું | શ્રી ઉદયરત્નજી | ૧૬ |
| ધર્મ-જિણેસર ! ધર્મધુરંધર | શ્રી જિનવિજયજી | ૧૭ |
| સૂરતિ ધર્મ-જિણંદની સમતારસ | શ્રી જિનવિજયજી | ૧૮ |
| સુણો સાહિબ ધર્મ-જિણંદા | શ્રી હંસરત્નજી | ૧૯ |
| હાંરે ! મારે ! ધર્મ જિણંદશું | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| ધરમ-જિણંદ ! તુમે લાયક સ્વામી | શ્રી રામવિજયજી | ૨૧ |
| ધરમ જિણેસર સેવિયેં રે, ભાનુ | શ્રી રામવિજયજી | ૨૨ |
| ધર્મજિનેસર મુજ મનડે વસ્યો | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| ધર્મજિણંદ ! તેરે ધર્મ કી મેરા | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| ધર્મજિનેસર ધર્મ તુમારો | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| ધરમજિણંદ ધરમ ધણી રે | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શ્રીધર્મ-જિનેસર દેવા, બીજાની | શ્રી પદ્મવિજયજી | ૨૭ |
| જી હો ! ધર્મ્મતીર્થકર જગગુરૂ | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૮ |
| ધર્મજિનેશ્વર પંદરમા | શ્રી કીર્તિવિમલજી | ૨૯ |
| ધર્મ જિનેસર ! તાહરો | શ્રી દાનવિમલજી | ૩૦ |
| ધર્મમૂરતિ ધર્મનાથજી | શ્રી વિનીતવિજયજી | ૩૦ |
| ઐસેં કૈસેં જસ પઈ | શ્રી અમૃતવિજયજી | ૩૧ |
| પ્રણમું ધર્મ જિણેસર | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| ફળિયા ! હો ! પ્રભુ ! | શ્રી ભાણચંદ્રજી | ૩૩ |
| ધરમ જિનેસર ધરમી જનશું | શ્રી ખુશાલમુનિજી | ૩૪ |
| ધરમધુરંધર ધરમજીરે | શ્રી ચતુરવિજયજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ધરમ જગનાથનો ધર્મ શુચિ | શ્રી દેવચંદ્રજી | ૩૬ |
| સાહિબા મારા વિણ-સેવોએ દાસ, | શ્રી જીવણવિજયજી | ૩૭ |
| ધર્મ-જિનેસર સાહિબા | શ્રી દાનવિજયજી | ૩૮ |
| ધરમ-જિનેસર કેસર-વરણા | શ્રી મેઘવિજયજી | ૩૯ |
| ધર્મ-જિનેસર ! સુણ ! પરમેશ્વર | શ્રી કેશરવિમલજી | ૪૦ |
| ધરમ-જિણેસર સાહિબ, મનમાં | શ્રી કનકવિજયજી | ૪૦ |
| ધર્મ જિનેસર વંદીઇં, હેજ | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| હું જાણું હિવણાં જઈજી | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| ધર્મ-જિનેસર ધ્યાઈએ રે, | શ્રી રતનવિજયજી | ૪૩ |
| ધરમી પ્રાણી ધાય ધરમ | શ્રી માણેકમુનિજી | ૪૪ |
| સજની ! ધર્મ-જિણેસર સોહતો | શ્રી દીપવિજયજી | ૪૪ |
| ધરમનાહ પિઅ ભાણુ | શ્રી ધર્મકિર્તિગણી | ૪૬ |
| ધરમ-જિણંદને ધ્યાવો ધ્યાનમાં | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| ધર્મ-જિનેસર ધ્યાવતાં હો | શ્રી જશવિજયજી | ૪૮ |
| ધર્મ-જિન વરદ-દરસણ | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૯ |
| મન ધ્યાન સદા જિનકો | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| ધરમ-જિણેસર દેવ અનંત | શ્રી જગજીવનજી | ૫૦ |
| ભજ ભજ મન ! પન્નરમા | શ્રી જિનહર્ષજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સખિ ધર્મ જિનેસર પૂજીએ | શ્રી વીરવિજયજી | ૫૨ |
| ધરમ ધરમ ધોરી | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ

નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ.....:૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ · કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**


# શ્રી ધર્મનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

વૈશાખ સુદી સાતમે, ચવિયા શ્રી ધર્મનાથ;
વિજય થકી મહા માસની, સુદી ત્રીજે સુખજાત.......૧

તેરસ માહે ઊજળી, લિયે સંજમ ભાર;
પોષી પૂનમે કેવલી, બહુ ગુણના ભંડાર.......૨

જેઠી પાંચમ ઊજળી એ, શિવપદ પામ્યા જેહ;
**નય** કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સ્નેહ.......૩



## श्री वीरविजयजी कृत चैत्यवंदन

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર;
ધર્મનાથ ગણ દેવતા કર્કરાશિ મનોહાર....॥૧॥
જન્મ્યા પુષ્ય નક્ષત્રે, યોનિ છાગ વિચાર;
દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાળ....॥૨॥
દધિપર્ણાધો કેવલી, **વીર** વર્યા બહુ ઋદ્ધ;
કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ...॥૩॥

## श्री पद्मविजयजी कृत चैत्यवंदन

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત
વજ્ર લાંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત..॥૧॥
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાલીશ
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ..॥૨॥
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર
તિણે તુઝ પાદ **પદ્મ** તણી, સેવા કરૂં નિરધાર..॥૩॥

# શ્રી ધર્મનાથ ભગવાનના સ્તવન

## કર્તા : મોહનવિજયજી મ.

ધર્મજિનેશ્વર તું કીમ વિસરે, ધર્મદાયક જિનરાજ
દર્શન અવિચલ જો તાહરૂં મળે, નાયક તું સિરતાજ
ધન ધન તે દિન દરિસન પામીયો.....૧

વસ્તુ છતાં કેમ સેવક દુભવી, દાતા કીમ કહાય
સમક્તિ રત્ન ઈચ્છું હું એકીલું, દેતાં ન ખોટ જરાય..ધન.....૨

છો તુમ સ્વામી હું દિન કિંકરો, સેવ્ય સેવકનો રે ભાવ
માતા પિતા પાસે પુત્ર સવિ કહે, તેણે તુમ કને મુજ રાવ..ધન.....૩

દર્શન ક્ષાયિક જો પામું કદિ, પામીશ વળી તુજ રૂપ;
પછી તાર્યાનો ડોળ કરે રખે, ક્યાં તારક તું અનુપ..ધન.....૪

જ્ઞાની પાસે શું બહુ બોલવું, મારે શરણ તું એક;
વિજયમોહન ગુરૂ પરતાપ પામતાં, વરીશું શિવ વધુ છેક.ધન......૫

## કર્તા શ્રી આનંદઘનજી મ.

### (રાગ ગોડી-સારંગ-દેશી રસીયાની)

ધર્મ-જિનેશ્વર ગાઊં રંગશું, ભંગ[1] મ પડજ્યો હો પ્રીત-જિણેસર !
બીજો મન-મંદિર આણું નહીં, એ અમ કુળવટ-રીત- જિણેસર ! ધર્મ૦॥૧॥
ધરમ-ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ- જિણેસર ! ।
ધર્મજિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ- જિણેસર !ધર્મ૦।૨॥
પ્રવચન-અંજન[2] જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ-નિધાન[3]-જિણેસર !
હૃદયનયણ[4] નિહાળે જગધણી,[5] મહિમા મેરૂ-સમા- જિણેસર ! ધર્મ૦॥૩॥
દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ-જિણેસર !
પ્રેમ-પ્રતીત[6] વિચારો ઢૂંકડી, ગુરૂગમ લેજ્યો રે જોડ- જિણેસર ! ધર્મ૦॥૪॥
એકપખી[7] કિમ પ્રીત પરવડે[8], ઉભય[9] મિલ્યાં હોવે સંધ[10]- જિણેસર !
હું રાગી હું મોહે ફંદીયો, તું નિરાગી નિરબંધ- જિણેસર ! ધર્મ૦॥૫॥
પરમ-નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઓલંઘી હો જાય- જિણેસર !
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો-અંધ પુલાય- જિણેસર ! ધર્મ૦॥૬॥
નિરમળ[11]-ગુણ-મણિ-રોહણ-ભૂધરા, મુનિ-જન-માનસ-હંસ- જિણેસર !
ધન્ય તે નગરી ! ધન્ય વેળા-ઘડી, માત-પિતા કુળ-વંશ- જિણેસર !ધર્મ૦॥૭॥
મન-મધુકર વર કર જોડી કહે, પદ-કજ[12] નિકટ નિવાસ- જિણેસર !
ધન-નામી **આનંદઘન** સાંભળો, એ સેવક અરદાસ- જિણેસર ! ધર્મ૦॥૮।

---

૧. પંડિત થવું ૨. જ્ઞાનરૂપી અંજન ૩. આત્મતત્ત્વરૂપ શ્રેષ્ઠ નિધાન ૪. અંતરના ચક્ષુથી ૫. પરમાત્માનો મેરૂસમાન મહિમા ૬. પ્રેમની ખાત્રી ૭. એકતરફી ૮. નભે ૯.બંને (=સેવ્ય-સેવક) ૧૦. પ્રેમ ૧૧. નિર્મળ ગુણરૂપ મણિ માટે રોહણાચલ પર્વત જેવા ૧૨. ચરણકમળ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(બેડલે ભાર ઘણો છે રાજ ? વાતો કેમ કરો છો-એ દેશી)

થાશું[1] પ્રેમ બન્યો છે રાજા, નિરવહેશ્યો[2] તો લેખે
મેં રાગી પ્રભુ ! થેં છો નિરાગી અણજુગતે[3] હોએ હાંસી
એકપખો જે નેહ નિરવહવો, તે માંહી કીસી શાબાશી ? થાંસું૦(૧)
નિ-રાગી સેવે કાંઈ હોવે, ઈમ મનમેં નવિ આણું
ફળે અ[5]-ચેતન પણ જિમ સુરમણિ[6], તિમ તુમ ભગતિ પ્રમાણુ—થાંસું૦(૨)
ચંદન શીતલતા ઉપજાવે, અગનિ તે શીત મિટાવે
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ-પ્રેમ સ્વભાવે-થાંસું૦(૩)
વ્યસન[7] ઉદય જલધી અનુહરે, શશિને તેજ સંબંધે
અણુસંબંધે કુમુદ અણુહરે, શુદ્ધ-સ્વભાવ પ્રબંધે—થાંસું૦(૪)
દેવ અનેરા તુમથી છોટા થેં જગમાં અધિકેરા
જશ કહે ધર્મજિણેસર ! થાસું, દિલ માન્યા હૈ મેરા—થાંસું૦(૫)

---

૧. તમારાથી ૨. નભાવશો ૩. યોગ્ય સંબંધ ન હોઈ ૪. એક તરફી ૫. જડ ૬. ચિંતામણિ ૭. પૌરાણિક માન્યતા પ્રમાણે આ ગાથાનો અર્થ આ પ્રમાણે. સમુદ્રમાંથી દેવાસુરોએ મંથન કરી ચૌદ રત્નો મેળવ્યાં, તેમાં ચંદ્રની ઉત્પત્તિ થઈ. એટલે ચંદ્ર પોતાનો પુત્ર હોઈ અમાસના દિવસે ચંદ્રની કળાઓ ક્ષીણ થવા રૂપે વ્યસન=દુઃખના ઉદયે જલધિ=સમુદ્ર પણ મોટી ભરતીના કારણે જાણે અનુહરે=ઉછળે અને ચંદ્ર પાછળ ઊંચો નીચો થાય પણ તે તો સંબંધે=પોતાનો પુત્ર છે, માટે. પણ કોઈ જાતના જન્ય-જનક સંબંધ વિના પણ કુમુદ=ચંદ્રવિકાસી કમળો ચંદ્રના તેજથી ખીલે અને ચંદ્રના તેજ વિના કરમાય એ ખરેખર વગર-સંબંધે પણ માત્ર ચંદ્રની શીતળતાના ગુણના આકર્ષણથી થાય છે. તે હકીકતમાં ઉચિત કહેવાયું.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રાગ મલ્હાર)

ધરમનાથ ! તુજ સરખો, સાહિબ શિર[1] થકે રે
— સાહિબ શિર થકેરે,
ચોર[2] જોર[3] જે ફોરવેં, મુજશ્યું ઈક-મને[4] રે કે—તુજ૦
ગજ નિમીલિકા[5] કરવી, તુજનેં નવિ ઘટે રે કે—તુજ૦
જે તુજ સનમુખ જોતાં અરિનું[6] બળ[7] મિટે રે કે—અરિ૦(૧)

રવિ[8] ઉગે ગયણંગણિ,[9] તિમિર[10] તે નવિ રહે રે કે—તિમિર૦
કામકુંભ[11] ઘર આવે, દારિદ્ર કિમ લહેરે કે—દારિદ્ર૦
વન વિચરે જો સિંહ તો, બીહ[12] ન ગજ તણી રે કે—બીહ૦
કર્મ કરે શ્યું જોર ?, પ્રસન્ન જો જગધણી રે કે—પ્રસન્ન૦(૨)

સુગુણ[13]-નિગુણનો અંતર, પ્રભુ ! નવિ ચિત્તેં ધરે રે કે—પ્રભુ૦
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે કે—જાણી૦
ચંદ્ર ત્યજે નવિ લંછન, મૃગ અતિ શામળો રે કે—મૃગ
જશ કહે તિમ[14] તુહ્મ[15] જાણી, મુજ અરિ-બળ[16] દળો [17]રે કે—મુજ૦(૩)

---

૧. માથે હોયે છતે ૨. કર્મરૂપ ચોરનું ૩. બળ ૪. એકદમ ૫. હાથીનાં આંખ મીંચામણાં ૬. દુશ્મનનું ૭. તાકાત-સૈન્ય ૮. સૂર્ય ૯. આકાશમાં ૧૦. અંધકાર ૧૧. મનગમતી ચીજો આપનાર દેવાધિષ્ઠિત ઘડો ૧૨. ભય ૧૩. સારા-ખોટાનો ૧૪. સમર્થ ૧૫. તુમને-પ્રભુને ૧૬. દુશ્મનનું બળ તાકાત સૈન્ય ૧૭. દૂર કરો

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

રતનપુરી નયરી હુઓ રે લાલ, લંછન વજ્ર ઉદાર-મેરે પ્યારે રે,
ભાનુ નૃપતિ-કુળ-કેશરી રે લાલ, સુવ્રતા માત મલ્હાર,[1]
મેરે પ્યારે રે ધર્મજિનેસર ધ્યાઈયેં રે લાલ.(૧)

આયુ વરસ દશ લાખનું રે લાલ, ધનુ પણયાલ[2] પ્રસિદ્ધ-મેરે૦
કંચન વરણ વિરાજતો રે લાલ, સહસ સાથે વ્રત લીધ –મેરે૦(૨)

સિદ્ધિકામિની[3] કર ગ્રહે રે લાલ, સમેતશિખર અતિ રંગ –મેરે૦
સહસ ચોસઠ સોહામણા રે લાલ, પ્રભુના સાધુ અ-ભંગ[4] –મેરે૦(૩)

બાસઠ સહસ સુ-સાહુણી રે લાલ, વળી ઉપરિ શત ચ્યાર-મેરે૦
કંદર્પા શાસન-સુરી રે લાલ, કિન્નર સુર સુ-વિચાર –મેરે૦(૪)

લટકાળે તુજ લોઅણે રે લાલ, મોહ્યા જગ-જન-ચિત્ત-મેરે૦
શ્રી **નયવિજય** વિબુધ તણો રે લાલ, સેવક સમરે નિત્ય –મેરે૦(૫)

---

૧. પુત્ર ૨. પિસ્તાલીશ ૩. મોક્ષરૂપ સ્ત્રીનો હાથ ગ્રહણ કર્યો = મોક્ષપદને પામ્યા ૪. ઉત્તમ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

**(છાંજી છાંજી છાંજી બંદા છાંજી-એ દેશી)**

લ્યોને લ્યોને લ્યોને મુજરો લ્યોને, ધર્મ જિનેશ્વર !
પ્યારા મુજરો લ્યોને; જીવન પ્રાણ આધારા–મુજરો૦(૧)

તુજ ગુણ[1]-રંગે અમે પ્રભુ રાચ્યા, રાચ્યા નામ સુણીને;
અમે દરિસણના અરથી તુમ કને, આવ્યા દાયક જાણીને–મુજરો૦(૨)

અજર[2] ન કીજે ઘડી એકની હવે, દીજે દરિસણ અમને;
દરિસણ દેઈ પરસન કીજે, એ શોભા છે તુમને–મુજરો૦(૩)
મુજ ઘટ પ્રગટયો આણંદ[3] અતિહુ, નવલી[4] મૂરત[5] પેખી;
વિકસિત-કમલ પરે મુજ હિયડું, થાએ છે તુમ મુખ દેખી–મુજરો૦(૪)
મુજ ભક્તિએ તુમ આકર્ષ્યા, આવ્યા છો મુજ[6] ઘટમાં;
ન્યૂનતા ન રહી હવે કશી મહારે, મુજ સમ કો નહીં જગમાં–મુજરો૦(૫)
સુવ્રતાનંદન સુર-નર-સેવિત, પૂરણ પુણ્યે પાયો;
પંડિત **પ્રેમવિજય** સુપસાયે, **ભાણવિજય** મન ભાયો–મુજરો૦(૬)

૧. ગુણોની ઉમંગભરી વિચારણામાં ૨. વિલંબ મોડું ૩. ઘણો જ ૪. સુંદર ૫.ચહેરો ૬. મનમાં

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (રાગ મેવાડો-દેશી માના દરજણની)

પરમેસરશું પ્રીતડી રે, કિમ કીજે કિરતાર[1]
પ્રીત કરંતા દોહલી રે, મન ન રહે ખિણ એકતાર[2] રે–
મનડાની વાતો જોજયો રે,
જુજુઈ[3] ધાતો રંગ[4]-બિરંગી રે; મનડું રંગ બિરંગી રે મનડાની૦(૧)
ખિણ ઘોડે ખિણ હાથીએ રે, એ ચિત ચંચલ[5]હેત
ચુંપ[6] વિના ચાહે ઘણું, મન ખિણ રાતું ખિણ સ્વેત રે–મનડા૦(૨)
ટેક ધરીને જો કરે, લાગી રહે એકંત
પ્રીતિ[7]-પટંતર તો લહે, ભાંજે ભવની ભ્રાંત રે–મનડા૦(૩)
ધર્મનાથ-પ્રભુશું રમે રે, ન મળે બીજે ઠામ
**આણંદવર્ધન** વિનવે, સો સાથે વંછિત કામ રે–મનડા૦(૪)

૧. હે પ્રભુ ! ૨. એકાગ્ર ૩. જુદી જુદી રીતે દોડી રહેતું મન ૪. ભાત ભાતના રંગ=વલણ કરનારૂં
૫. ચંચળતાને કારણે ૬. તૃપ્તિ ૭. પ્રેમનો ભેદભાવ

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (ભૂપ ભણે સુણો ! શેઠ ! કરસિણ પીયારા હો ! ઢોરાં ચારે આપણો-એ દેશી)

ધર્મ-જિનેસર દેવ દરસણ તાહરૂં હો ? ભાગ્ય અનંતે પામીઓ,
જાગ્યો ધર્મ-અંકુર, અમિય[૧]-મેહ વુઠા હો; પુણ્યે ઘણો જામિઓ૦ (૧)

ભાંગી ભવ[૨]-ભય-ભીત, દુશ્મન નાઠા હો-ચોર દિશોદિશે[૩]
આદિત્ય[૪] લગે[૫]લોક, વિકસિત થાવે હો-ચોર દૂરે ખિસે૦ (૨)

ઢાંકયાં કર્મ[૬]-મહાકૂપ, પિહિત[૭] કીધાં હો, -બારાં[૮] દુરગતિતણાં;
તું (તુજથી) તૃષ્ણા દૂર; કપટ[૯]-ઘટ ફૂટયો હો -દીધાં સુખ[૧૦]—ધામણાં૦ (૩)

કીધો સમય પય-પાન;[૧૧] વિષય-પિપાસા હો -નાઠી અનાદિની;
ભુંજયું[૧૨] ભોજન; ભૂખલડી ભાંગી હો -કામ—પ્રમાદની૦ (૪)

અધ્યાતમ-મણિપીઠ; મંદિરમાં બેસી હો-ખેલું વ્રત નારશું
કીર્ત્તિ લહી જગ[૧૩]સાર, કહે લચ્છી હો -આતમ તારશું૦ (૫)

---

૧. અમૃતના મેઘ ૨. ભવના ભયનો ડર ૩. દશે દિશામાં ૪. સૂર્ય ૫. ઉગ્ય છતે ૬. કર્મરૂપ મહાકૂવો ૭. ઢાંકી દીધાં=બંધ કર્યાં ૮. બારણાં ૯. કપટનો ઘડો ૧૦. સુખના વધામણાં ૧૧. દૂધનું પાન ૧૨. કર્યું-ખાધું ૧૩. શ્રેષ્ઠ

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (મુખને મરકલડે-એ દેશી)

શ્રીધરમ-જિણંદ ! દયાળજી, ધરમ તણો દાતા
સવિ જંતુ તણો રખવાળજી;[1] ધરમ તણો ત્રાતા
જસ અમિય[2]-સમાણી વાણીજી —ધર્મ૦
—જેહ નિસુણે ભાવે પ્રાણીજી—ધર્મ૦.......(૧)

તેહના ચિત્તનો મેલ જાયજી ધર્મ૦
—જિમ કતકફળે[3] જળ થાયજી—ધર્મ૦
નિરમળતા તેહ જ ધર્મજી ધર્મ૦
—કલુષાઈ[4] મેટ્યાનો મર્મજી—ધર્મ૦.......(૨)

નિજ-ધરમ તો સહજ-સભાવજી ધર્મ૦
—તોહિ તુજ નિમિત્ત પ્રભાવજી—ધર્મ૦
વન-રાજિ ફૂલ ન શગતીજી, ધર્મ૦
—પણ ઋતુરાજે હુઈ વ્યગતીજી—ધર્મ૦.......(૩)

કમળાકરે[6] કમળ વિકાસજી-ધર્મ૦
—સૌરભતા[7] લખમી વાસજી—ધર્મ૦
તે દિનકર-કરણી જોયજી ધર્મ૦
—ઈમ ધરમ-દાયક તું હોય જી—ધર્મ૦.......(૪)
તે માટે ધરમના રાગીજી-ધર્મ૦
—તુજ પદ સેવે બડભાગીજી[8]—ધર્મ૦

કહે **માનવિજય** - ઉવજઝાયજી - ધર્મ૦
—નિજ અનુભવ-જ્ઞાન પસાયજી—ધર્મ૦.......(૫)

---

૧. રક્ષણ કરનાર ૨. અમૃત જેવી ૩. કતક (નિર્મળ) ફળના ચૂર્ણથી ૪. મેલ ૫. દૂર કર્યાનો ૬. તળાવમાં ૭. સુગંધપણું ૮. સૂર્યની અસર ૯. શ્રેષ્ઠ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

**(મેડા ઉપર મેહુ ઝરૂખે વિજલડી હો લાલ—એ દેશી)**

ધર્મ-જિનેસર ! ધર્મ-ધુરંધર[1] ભેટીએ હો લાલ—ધુરં૦
અવિધિ અધર્મ અનીતિ અ-સજ્જન મેટીએ હો લાલ,—અસ૦
સંભારૂં નિશદીસ કરી ગુણ એકઠા હો લાલ—કરી૦
પણ દેવાની વેળા દીસો છો મન[2]-મઠા હો લાલ—દીસો૦ (૧)
આજ લગે કોઈ કામ કર્યો હોયે દાસનો હો લાલ—કર્યો૦
તે દાખો[3] લેઈ નામ હોયે જો આસનો હો લાલ—હોયે૦
નિ-રાગીશું પ્રીત ધરે તે થોડિલા હો લાલ—ધરે૦
મોજ ન પામેં કાંઈ ભાનુ-નૃપ લાડિલા હો લાલ—ભાનુ૦ (૨)
ઈમ કરતાં કહો સ્વામી ! કેતા દિન ચાલશ્યે હો લાલ—કેતા૦
મોટા કરે તે પ્રમાણ કહો કુણ પાળશ્યે હો લાલ—કહો૦
પડી જે પટોળે[4] ભાત[5] તે કદીય નહી ટલે હો લાલ—તે૦
જે તુમશું બન્યું તાન તે અવર શું નવિ મિલે હો લાલ—અવર૦ (૩)
તાહરા ગુણનો પાર ન પામે કોઈ ગુણી હો લાલ—ન૦
કીરતિ ત્રિભુવનમાંહિ તુમારી મેં સુણી હો લાલ—તુમારી૦

બહુ કહેતાં આંસગ[૬] હોયેં આશાતના હો લાલ–હોયે૦
ઈમ બિહાવ્યા નવિ જાય હોયે જે આપના હો લાલ–હોયે૦ (૪)
આપ પિયારૂં કોઈ ન દીસે તાહરે હો લાલ–ન૦
એ કહેવાની રીત ભગત ન થાય રેં હો લાલ–ભગત૦
**જ્ઞાનવિમલ** પ્રભુ આણ વહે જે તુમ્હ તણી હો લાલ–વહે૦
ત્રિભુવન-તિલક સમાન હોયેં ત્રિભુવન-ધણી હો લાલ–હોયે૦ (૫)

૧. ધર્મના નાયક ૨. કઠણ મનના ૩. બનાવો ૪. છાપેલ કપડાની ૫. રંગીન છાપ ૬. પ્રેમવશ

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

**(રાગ સારંગ-ઉદધિસુત સુંદર વદન સુહાયા-એ દેશી)**

ધરમજિન ! ધરમતણો દાતાર ! પન્નરમો જિન મન મો[૧] મોરે,
મંગલ[૨]તરૂ જલધાર – ધરમ૦(૧)
રિષભ-વંશ-મુક્તામણિ મનોહર, દીપે તેજે સાર
માત સુવ્રતા ભાનુ નરેસર, નંદન પ્રાણ-આધાર–ધરમ૦(૨)
પણયાલીશ ધનુષ તનુ ઉન્નત, રયણપુરી અવતાર
વાસુદેવ[૩]-ચીવરને જીપે, જસ તનુ-વરણ ઉદાર–ધરમ૦(૩)
લંછન વજ્ર ધરંત હરંતો, પાતક[૪]-વૈરિ-વિકાર
જસ દસ લાખ વરસ વર-જીવિત, સુકૃતતણો ભંડાર–ધરમ૦(૪)
કિન્નર સુર પણ્ણત્તી દેવી, જસ સેવે સુખકાર
**ભાવ** કહે તે પ્રભુ મુજ દેજો, ભવ-સાયરનો પાર–ધરમ૦(૫)

૧. સ્થિર થાઓ ૨. મંગળરૂપ વૃક્ષ માટે પાણીની ધારા જેવા ૩. વાસુદેવના ચીવર=વસ્ત્ર=પીતાંબર તેને ૪. પાપરૂપ ખરાબ વિકારોને

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(ઢાલ—ધૂઆરિનો)

ધર્મનાથનેં સેવતાં રે, હોયે ધર્મ અપાર
ધર્મથકી સુખ પામીયેં રે રે, એહ છે વાત નિરધાર
સખિ ! આવો જિનવર પૂજીએ રે !
સખિ ! કેસર ચંદન લાવ સખિ ! ફૂલનાં મૂલ કરાવિયેં હો—સખિ૦(૧)

પન્નરમો જિન પૂજવા રે, સુર-નર-કિન્નર કોડિ
આવેં ગાવેં પ્રભુ તણી રે, કીર્તિ બે કર જોડી—સખિ૦(૨)

ધન ધન માતા સુવ્રતા રે, જેણે જાયો એ પૂત
સોભાગી સુખદાયકો રે, દોલત અતિ અદ્‌ભૂત—સખિ૦(૩)

ભાનુ રાય કુળ પુષ્કરે[૧] રે, મેરો પ્રભુ ભાણ[૨] સમાન
પ્રથમ દાન વરસી દીઉ રે, હવે દીયેં સમકિત દાન—સખિ૦(૪)

કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે, **વિનય** નમે તુમ્હ પાય
બોધિબીજ દેજો સદા રે, માંગે છે એહ પસાય—સખિ૦(૫)

---

૧. કમળ ૨. સૂર્ય

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-વૃંદાવની સારંગ)

જબ મેં મૂરત[1]દેખી પ્રભુ ! તેરી તબહી પુણ્યદશા મેરી જાગી
જનમ જનમ કે દુરિત ગએ સબ, કુમતિ કુટિલતા દુરમતિ ભાગી–જબ૦(૧)
ધર્મરાય શ્રીભાનુરાય સુત, સુવ્રતા માતા હૈ બડભાગી[3]
લંછન વજ્રા રતનપુર જનમે, દશ લાખ વરસ આયુસ્થિતિ વાગી–જબ૦ (૨)
પંચ અધિક ચાલીસ ધનુષ તનુ, કાયા કંચનવરણ સોભાગી
કુલ ઈક્ષ્વાગ વિભૂષન સાહિબ, મહિમાવંત અનુરાગી –જબ૦ (૩)
સંજમ લે પંચમપદ સાધ્યો, રાજ[5]-રમણી મમતા સબ ત્યાગી
**હરખચંદ** સાહિબ સુખદાયક, મેરી લગન પ્રભુજીસેં લાગી –જબ૦(૪)

૧. ચહેરો ૨. પાપ ૩. ભાગ્યશાળી ૪. સંપૂર્ણ ૫. રાજ્ય અને સ્ત્રીની મમતા=આસક્તિ

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(દેશી-વણઝારાની)

વંછિત ફળ દાતાર ભવિ ! સેવો રે, શિવ સુખકારક ધર્મને–ભવિ૦
જિમ લહો સુખ શ્રીકાર-ભવિ૦ પામો વળી શિવશર્મને[1]–ભવિ૦...(૧)
જિમ લહો, નવનિધિસિદ્ધિ-ભવિ૦ રિદ્ધિ સકળ આવી મિળે-ભવિ૦
વાધે બહુલી વૃદ્ધિ-ભવિ૦ બુદ્ધિ સવે સફળી ફળે–ભવિ૦...(૨)
સકળ ફળે મન આશ-ભવિ૦ સજ્જન-જન-મેળો મળે-ભવિ૦
નાવે દોહગ[2]પાસ[3]-ભવિ૦ રોગ શોગ દૂરે ટળે–ભવિ૦...(૩)
સુરતરૂ સુરમણિ જિમ-ભવિ૦ પૂરે કામિતકામના[4]-ભવિ૦
રાખો નિતુ એકતાર[5]-ભવિ૦ મત હોજો મન દુમના[6]–ભવિ૦...(૪)

પૂરવ-પુણ્ય પસાય-ભવિ૦ પામીયે નિત ચિત ધરો-ભવિ૦
કુગુરુ કુદેવ કુધર્મ-ભવિ૦ કુમતિ કદાગ્રહ પરિહરે–ભવિ૦...(૫)
નિતનિત મંગળ ચ્યાર-ભવિ૦ એ સેવતાં પામીએ-ભવિ૦
પામી એવો નાથ-ભવિ૦ અવર નાથ કિમ કામીયે–ભવિ૦...(૬)
એ સમ અવર ન કોઈ-ભવિ૦ જોઈ જોઈ જોયતાં-ભવિ૦
નયવિજય કહે નવ નિધિ-ભવિ૦ હોવેએ પ્રભુ પ્રસન્ન હોઈતાં–ભવિ૦....(૭)

---

૧. મોક્ષના સુખને ૨. દુર્ભાગ્ય=અશુભ=કર્મો ૩. નજીક ૪. ઈચ્છિત વિચારધારા ૫. એકાગ્રપણે ૬. દુ:ખી

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

માહરા મનનો સાંસો[૧] સગલો[૨] મિટયો રે,
પાયો સાહિબ સુઘડ[૩] સુજ્ઞાન[૪] રે–માહરા૦
મહિમાની કરસ્યું તે મન માનસી રે, કહસ્યું તે સુણસી દેઈ કાન રે
મધુકર મંડપ માલતી પામિનૈ રે, પામૈ પરિપરિ[૫] ના સુખપુર રે....(૧)
ત્યું ઘટ પ્રગટી જ્યોતિ જુઈ જુઈ રે, ઉદયાચલ જાણે ઉગો[૬] સૂર રે
દાયક લાયક પરષદ દેખિનૈ રે, હુઓ ચિતડો અતિ લયલીન રે....(૨)
સૈ મુખ સરસ દેસન સુણી રે, દાખું[૭] નહી અબ કિણ હી સું દીન રે
અરજ કરીશ તે તો અવધારસી રે, સરસી કારિજ વિસવાવીસ[૯] રે....(૩)
રીસ ન કરસી કોઈ ગુનહો પડયાં રે, કરસી પરસન[૧૦] થઇ નઇં બગસીસ રે
અવગુણ ગુણ કરી સઘલા જાણસી રે, આંણસી થોડી ભગતિ સંતોષ રે....(૪)
પ્રેમ ધરી નઈ પ્રભુજીને પૂજસ્યું રે, દુરિ કરસ્યું સઘલા તનરા દોષ રે
આપ[૧૧] તણો ધન મુજનઇં આપસી રે, કાપસી[૧૨] કોટિક બદ્ધ કિલેસ રે....(૫)

ઓર તણી પરવાહ ન આંણસ્યું રે, સુધરા[13] સુખરા[14] સુખ વેલસેસિ[15] રે
વે તોસાહિબ કદિય ન સેવિયૈ રે, જેહનૈ ખલિ[16]-ગુલ એકણ[17]રીતિ રે....(૬)
સેવા કરતાં મન સાંસો ધરે રે, તેહનઈ રીઝ ન બુઝ ન પ્રીતિ રે
ધરમ જિનેસર છેહ ન દાખસી રે, ઈણ મૈ નહિ કોઈ મીન[18] મેખ રે....(૭)
**ઋષભસાગર** કહે જિનજી તજીને, અવરસું અવરસું જોડતાં રે
કનક[19] કથીર ન હવૈ ઈક રેખ રે, માહરા મનનો સાંસો સગલો મિટયો રે...(૮)

---

૧. સંશય ૨. બધો ૩. સારા ૪. જ્ઞાની ૫. બીજે બીજે ઠેકાણે ૬. સૂર્ય ૭. કરૂં ૯. વિનંતિ ૧૦. ખુશી ૧૧. પોતાનું ધન મને આપશે (પાંચમી ગાથાની ત્રીજી લીટીનો અર્થ) ૧૨. બાંધેલા ક્રોડો કલેશ કાપશે (પાંચમી ગાથાની ચોથી લીટીનો અર્થ) ૧૩. શ્રેષ્ઠ ૧૪. અતિસુંદર ૧૫. વિલાસ કરીશ ૧૬. ખોળ અને ગોળ ૧૭. એક સરખા ૧૮. શંકા નથી ૧૯. સોનું અને કથીર

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

વારૂરે વાહલા ! વારૂ તું તો, મેં દિલ વાહી રે
મુજને મોહ લગાડયો પોતે, બે-પરવાહી રે—વારૂ૦(૧)
હવે હું હઠ લેઈ બેઠો, ચરણ સાહી રે
કેણી પેરે મ્હેલાવશો ? કહોને, ઘો બતાઈ રે—વારૂ૦(૨)
કોડ ગમે જો તુજજશું, કરૂં ગહિલાઈ રે
તો પણ તું પ્રભુ ધર્મ ધારી, લ્યો નિવાહી રે—વારૂ૦(૩)
તું તાહરા અધિકાર સાહમું, જોને ચાહિ રે
ઉદય પ્રભુ ગુણહીનને તારતાં, છે વડાઈ રે—વારૂ૦(૪)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(બેડલે ભાર ઘણો છે રાજ-એ દેશી)**

ધર્મ-જિણેસર ! ધર્મધુરંધર, પૂરણ પુણ્યે મળિઓ
મન-મરુથલમેં[1] સુરતરુ[2] ફળીઆ, આજ થકી દિન વળીઓ,
પ્રભુજી ! મહીર કરી મહારાજ, કાજ હવે મુજ સારો;
સાહિબ ! ગુણનિધિ ! ગરીબનીવાજ ! ભવદવ પાર ઉતારો૦(૧)

બહુ ગુણવંતા જેહ તેં તાર્યા, તે નહીં પાડ તુમારો
મુજ સરીખો પત્થર જો તારો, તો તુમચી બલિહારી–પ્રભુ૦(૨)

હું નિર્ગુણ પણ તાહરી સંગતિ, ગુણ લહું તેહ ઘટમાન[3]
નિંબાદિક[4] પણ ચંદન સંગે, ચંદન-સમ લહે તાન[5]–પ્રભુ૦(૩)

નિર્ગુણ જાણી છેહ મ દેશો, જોવો આપ વિચારી
ચંદ્ર કલંકિત પણ નિજ શિરથી, ન તજે ગંગાધારી[6]–પ્રભુ૦(૪)

સુવ્રતાનંદન[7] સુવ્રતદાયક, નાયક જિન પદવીનો
પાયક[8] જાસ સુરાસુર કિન્નર, ઘાયક[9] મોહ-રિપુનો–પ્રભુ૦(૫)

તારક તુમ્હ સમ અવર ન દીઠો, લાયક નાથ હમારો
શ્રી ગુરુ ક્ષમાવિજય-પયસેવી, કહે **જિન** ભવજલ તારો–પ્રભુ૦(૬)

---

૧. મારવાડમાં ૨. કલ્પવૃક્ષ ૩. સંગત છે ૪. લીંબડા વગેરે ૫. સ્વરૂપ ૬. શંકર ૭. પ્રભુજીની માતાનું નામ ૮. સેવા કરનાર ૯. નાશ કરનાર

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(થાં પર વારી મ્હારા સાહિબા કાબીલ મત જાજો-એ દેશી)**

સૂરતિ[1] ધર્મ-જિણંદની સમતારસ પૂરી
અંતર દોષ=અભાવથી, બની કાંતિ સૂ[2]-નૂરી
હું વારી ધર્મ-જિણંદની મૂરતિને[3] મટકે[4]..(૧)

હાસ્ય અરતિ રતિ અજ્ઞાતા, ભય શોક દુગંછા
રાગ-દ્વેષ અવિરતિ નહિ, કામ નિદ્રા મિચ્છા–હું૦(૨)

દાનાદિક ગુણ અનુભવે, અંતરાય અભાવે
વસ્તુ સ્વાભાવિક ધર્મને, કુણ ઉપમ આવે–હું૦(૩)

પૂરણ પરમાનંદથી, પદમાસન વાળી
સાધ્ય સંપૂરણ નિપને[5], ન ધરે જપમાળી–હું૦(૪)

અંગના ઉછંગે નહી, હાથે ન હથિયાર
**ક્ષમાવિજય-જિનરાજની,** મુદ્રા અ-વિકાર–હું૦(૫)

---

૧. દેખાવ=મુદ્રા ૨. સંપૂર્ણ ૩. ચહેરા ના ૪. આંખના ઈશારે ૫. થયેલો

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (દેશી-બેદીલીની મન લાગો)

સુણો સાહિબ ધર્મ-જિણંદા ! તુમ દીઠે અધિક આણંદ હો,
સાહેબ ! અરજ સુણો,
મોહન મૂરતિ તાહરી, મુજ મન લાગે પ્યારી હો સાહિબ૦
બહુ દિવસે મેં તુમ દીઠો, મુજ મન લાગે મીઠો હો-સા૦
પુણ્યે પામી એ વેળા, મળીયા છે દુરલભ મેળા હો-સા૦
લહી અવસર હું તુજ પાસે, આવ્યો છું મોટી આશે હો-સા૦
જાએ જે અવસર જેહવો, ફરી પાછો નાવે તેહવો હો—સા૦
અવસર ઉપર મુજ કાજ, તું સારે નહીં મુજ આજ હો—સા૦
તું શ્યાનો[૧]છે મુજ સ્વામી, એ વાતે તુજને ખામી હો-સા૦
તકવિણ ફળ દેજો નીકો[૨], તોપણ તે લાગે ફીકો હો-સા૦
અવસર ચૂક્યો જિમ મેહ, શ્યે કામે આવે તેહ હો-સા૦
સેવા તો કરતાં નેટ[૩], આખર દેશો સહી ભેટ હો, સા૦
તું હવણાં આપે તેહ, જિમ વાધે અધિક સસનેહો-સા૦
કહું છું આસંગો જાણી, પ્રભુ ! સફળ કરો મુજ વાણી હો-સા૦
દર્શન ફળ દ્યો ! જિનરાય, જિમ **હંસરતન** સુખ થાય હો-સા૦

---

૧. શાણો=હોંશિયાર ૨. સરસ ૩. છેવટે ૪. ગાઢ પ્રેમ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(હાં રે મારે જોબનીયાનો લટકો દહાડા ચાર જો-એ દેશી)

હાંરે ! મારે ! ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજીની ઓળગે[1] રે લો
હાંરે ! મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્ન જો;
વાતલડી માહારી રે સવિ થાશે વગેરે[2] લો૦(૧)

હાંરે ! પ્રભુ ! દુરજનનો ભંભેરચો માહારો નાથજો,
ઓળવશ્યે નહીં ક્યારે કીધી ચાકરી રે લો
હાંરે ! મારા સ્વામી સરખો કુણ છે ? દુનિયાં માંહિ જો,
જઈયેં રે જીમ તેહને ઘર આશ્યા કરી રે લો૦(૨)

હાંરે ! જસ સેવાસેંતી[3] સ્વારથની નહી સિદ્ધ જો,
ઠાલીરે[4] શી કરવી તેહથી ગોઠડી[5] રે લો,
હાંરે ! કાંઈ જૂઠું ખાય તે મીઠાઈને માટે જો,
કાંઈ રે ! પરમારથ વિણ નહી પ્રીતડી રે લો૦(૩)

હાંરે ! મારે ! અંતરજામી જીવનપ્રાણ-આધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ-વાયરો રે લો
હાંરે ! મારે ! લાયક નાયક ભગતવછલ ભગવંત જો,
વારુ રે ગુણ કેરો સાહિબ સાયરુ રે લો૦(૪)

હાંરે ! મારે લાગી મુજને તાહરી માયા[6] જોર[7] જો,
અળગા રે રહ્યાથી હોય ઓસંગળો[8] લો

હાંરે ! કુણ જાણે અંતરગતની ? વિણ મહારાજ જો,
હેજેરે હસી બોલો છાંડી આમલો[૯] રે લો૦(૫)
હાંરે ! તારે મુખને મટકે અટક્યું માહરૂં મન જો,
આંખડલી અણીયાળી કામણગારીઆ રે લો
હાંરે ! મારાં નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજ જો,
રાતા[૧૦] રે પ્રભુ[૧૧]-રૂપે રહે વારીઆં રે લો૦(૬)
હાંરે ! પ્રભુ અળગા તો પણ જાણજ્યો કરીને હજૂર જો,
તાહરીરે બલીહારી હું જાઉં વારણે[૧૨] રે લો
હાંરે ! કવિ રૂપ-વિબુધનો **મોહન** કરે અરદાસ જો;
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણે રે લો૦(૭)

૧. સેવાએ ૨. સફળ ૩. સેવાથી ૪. ફોગટ ૫. વાત ૬. પ્રીતિ ૭. વધુ ૮. પ્રેમમાં અંતરાય ૯. મનની ઢીલ ૧૦. આસક્ત ૧૧. આપના રૂપમાં ૧૨. ઓવારી જાઉં

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (દેશી-મોતીડાની)

ધરમ-જિણંદ ! તુમે લાયક સ્વામી, મુજ સેવકમાં પણ નહિ ખામી.
સાહિબા રંગીલા હમારા, મોહના રંગીલા,
જુગતિ[૧] જોડી મળી છે સારી, જોજ્યો હિયડે આપ વિચારી—સાહિબા૦(૧)
ભગતવત્સલ એ બિરૂદ તુમારો, ભગતિ તણો ગુણ અચળ અમારો-સા૦
તેહમાં કો વિવરો[૨] કરી કળશે,[૩] તો મુજ અવશ્યમાં ભળશે—સા૦(૨)
મૂળ ગુણ તું નિરાગ કહાવે, તે કિમ રાગ-ભુવનમાં આવે-સા૦
વળી છોટેઘટ[૪] મોટો ન માવે, તે મેં આણ્યો સહજસભાવે—સા૦(૩)

અનુપમ અનુભવ રચના કીધી, ઈમ શાબાશી જગમાં લીધી-સા૦
અધિકું ઓછું અતિ આસંગે,[5] બોલ્યું ખમજ્યો પ્રેમ પ્રસંગે–સા૦(૪)
અમથી હોડ હુયે કિમ ભારી ? આશ ધરું અમ નેટ[6] તુમારી-સા૦
હું સેવક તું જગવિસરામ, વાચક વિમળતણો કહે **રામ**–સા૦(૫)

---

૧. જોઈએ તેવી ૨. ખુલાસો ૩. સમજશે ૪. નાના ઘડામાં ૫. ભક્તિભર્યા ઉમંગમાં ૬. છેવટે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (બાઈ રે ગરબડો એ-દેશી)

ધરમ જિણેસર સેવિયેં રે, ભાનુ નરેસરનંદ[1]-બાઈ રે જિન વડો
જિન-ધ્યાને દુખવિસરૂં રે, હું પામી પરમાણંદ–બાઈ૦(૧)
રતનજડિત સિંહાસને રે, બેસે શ્રી ભગવાન-બાઈ૦
મુખ આગળ નાચે સુરી રે, ઇંદ્ર કરે ગુણગાન–બાઈ૦(૨)
પ્રભુ વરસે તિહાં દેશના રે, જેમ આષાઢો મેહ-બાઈ૦
તાપ ટળે તનનો પરો[2] રે, વાધે બમણો નેહ–બાઈ૦ (૩)
અણવાયાં[3] ગઅણે ધુરે રે[4], વાજીત્ર કોડાકોડ-બાઈ૦
તો થેઈ નાચે કિંનરી રે, હીંડે મોડા[5]મોડા–બાઈ૦ (૪)
આયુ દશ લાખ વરસનું રે, ધનુષ પિસ્તાલીશ માન-બાઈ૦
**રામવિજય** પ્રભુ નામથી રે, લહીયેં નવ નિધાન–બાઈ૦ (૫)

---

૧. પુત્ર ૨. દૂર ૩. વગર વગાડયા ૪. ગુંજે છે ૫. ઉમંગથી

## કર્તા :શ્રી કાંતિવિજયજી મ.

(દેશી-રશીયાની)

ધર્મજિનેસર મુજ મનડે વસ્યો, રાગ ઉમંગેરે અંગ-સાહિબજી
કાળે પલટે હો રંગ પતંગનો[1], ચોળનો[2] ન લહેરે ભંગ—સા૦ ધરમ૦(૧)

લાખ ગમે દીઠા સુર અભિનવા, તેહથી ન રાચે રે ચિત્ત-સા૦
માઝી[3] અંતરગતિનો તું મિળ્યો, મનમાનીતારે મિત્ત—સા૦ ધરમ૦(૨)

સંભાર વાધે બહુ મોહની, વિસારયો કિમ જાય-સા૦
સંચરતાં ફિરતાં મુજ હિયલડે, ખિણ-ખિણ બેસેરે આય—સા૦ ધરમ૦(૩)

જીવન તો વિણ જંપ ન જીવને, આતમ તુજ ગુણ લીન સા૦
તપી-તપી કલપે તલપે જીવડો, અલ્પ-જળે જિમ મીન—સા૦ ધરમ૦(૪)

પ્રેમ સંભાળી ટાળી આમળો, ચાતલડી ધરી કાન—સા૦
**કાંતિ** કહે કરૂણાનિધિ કરી કૃપા, સેવકને સનમાન—સા૦ ધરમ૦(૫)

---

૧. હળદરનો ૨. મજીઠ (વાટેલી)નો ૩. સાથી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

ધર્મજિણંદ ! તેરે ધર્મ કી મેરા[1], મેટત હે ભવભવકા ફેરા;

પરમ ધરમ હૈ સાહિબ તેરા —પરમ૦(૧)

ઘર ઘર ઢુંઢત[2] સબહી મેં હેરયા, ઐસા ન ધરમ-મરમકા બેરા—પરમ૦ (૨)

નામધરમ કછુ કામ ન આવે, ઠવણધરમ તિમ સિદ્ધિ ન પાવે—પરમ૦ (૩)

દ્રવ્યધરમ પણ મુક્તિ ન દેવે, ભાવધરમ પિણ કોઈક સેવે—પરમ૦ (૪)

શબ્દધરમ જિઉ[3] કામ સુધારે, દુરગતિ પડતાં નિજ કરી ધારે—પરમ૦ (૫)

ઉત્તમ થાનિક ઉનહિંકુ જોડે, પાપ કરમ સવિ ઉનકે તોડે—પરમ૦ (૬)

ભાવધરમ તે સહી જે સાચે, મેરા મન ઉનહિસેં રાચે—પરમ૦ (૭)

મિથ્યામતિ મોહે જૂઠેઈ માચે, પણ ઉન ધર્મસું કર્મ નિકાચે—પરમ૦ (૮)

ભાવધરમ નિજ આતમ દેખે, કષ્ટક્રિયા સબહી તબ લેખે[4]—પરમ૦ (૯)

ઉત્તમસાગર સાહિબ આગે, **ન્યાયસાગર** શિવ પદવી માગે—પરમ૦ (૧૦)

૧. મર્યાદા ૨. શોધ્યા ૩. જેમ ૪.સફળ

## કર્તા: શ્રી ન્યાયસાગરજી મ.

(બંડલે ભાર ઘણો છે રાજ ! વાંતાં કેમ કરો છો !-એ દેશી)

ધર્મજિનેસર ધર્મ તુમારો, જગજનનેં દીપાવેં
દર્શન જ્ઞાન ચરિત તપ ચઉવિધ, એ વિનુ અવર દિલ નાવે
જિનજી ! થેં છો ! મોટા રાજ ! જગજનને ઉપગારી
તોરા પાય નમં હું આજ, જાઉં મે બલિહારી–જિ૦(૧)
કુગતિ પડતાં પ્રાણી રાખે, ધર્મ અર્થ તે સાચો
નામ ધર્મ પરિણામ કલુષિત, તે પામી મત રાચો–જિ૦(૨)

સુવ્રતાનંદન સુવ્રત ધર્મે, વરતે તે તો યુગતું
ભાનુભૂપ સુત કર્મ તમ ત્રાસે, એ પણ પદ તુમ લગતું–જિ૦(૩)

ભવભવ-ભ્રમણ કદાપિ ન હોવેં, ધર્મ શરણ જો રાખે
ઇંદ્ર સદા સેવા મિસિ લંછન, વજ્ર તણું તિણે દાખે–જિ૦(૪)

પનરે ભેદે સિદ્ધ દેખાવે, પન્નરમો જિન દીપે
ન્યાયસાગર કહે ધર્મ પસાયેં, સકળ વિઘનને જીપે–જિ૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(કપૂર હુવે અતિ ઉજલો રે-એ દેશી)

ધરમજિણંદ ધરમ ધણી રે, વજ્રી[1] સેવે પાય
વજ્ર લંછન જિન આંતરૂં રે, ચ્યાર સાગરનું થાય રે
પ્રાણી ! સેવો શ્રી જિનરાજ, એહિ જ ભવજલ જહાજ રે –પ્રાણી૦(૧)

વૈશાખ સુદિ સાતમે ચવ્યા રે, જનમ્યા માહા સુદિ ત્રીજ
કાયા પિસ્તાલીસ ધનુષની રે, જેહથી લહે બોધિબીજ રે –પ્રાણી૦(૨)

કનકવરણ કંચન તજી રે, માહ સુદિ તેરસે દીખ
વર પોષ સુદિ પૂનમે રે, જ્ઞાન લહી દીયેં શીખ રે –પ્રાણી૦(૩)

દશ લાખ વરસનું આઉખું રે, તારી બહુ નર નાર
જેઠ સુદિ પાંચમે શિવ વર્યા રે, અજરામર અ-વિકાર રે –પ્રાણી૦(૪)

તું સાહિબ સાચો લહી રે, જિનવર ઉત્તમ દેવ
**પદ્મવિજય** કહે અવરની રે, ન કરૂં સુપને સેવ રે –પ્રાણી૦(૫)

---

૧. ઈંદ્ર

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (દેશી-બિંદલીની)

શ્રીધર્મ-જિનેસર દેવા, બીજાની ન કરૂં હેવા[1] હો —સાહિબ અરજ સુણો
તે તો કાચ[2] શકલના જેહવા, તું ચિંતામણિ દુઃખ હરેવા—હો સા૦(૧)

તે નવિ લહ્યા આપે ધર્મ્મ, તસ સેવા કિમ દિયેં શર્મ હો-સા૦
તું તો ધર્મતણો અધિકારી, ધર્મ્મીજનને સુખકારી હો—સા૦(૨)

નિજ જેહ જેહ અનંતા ધર્મ, કર્યા પરગટ છંડી કર્મ હો-સા૦
મુજ પણ જેહ ધર્મ અનંતા, પ્રગટ કરવા કરૂં ચિંતા હો—સા૦(૩)

તસ તું પ્રભુ ? કારણ મિલિઓ, હવે તરીયો ભવજલ-દરિયો હો સા૦
તૂજ મૂરતિ સૂરતમાંહિ, મનોહર દીઠી ઉચ્છાહિ હો—સા૦(૪)

તેહથી તુજ પ્રત્યય આવ્યો, જિન-ઉત્તમ ભાવે ભાવ્યો-હો-સા૦
કહે **પદ્મવિજય** પ્રભુ સેવા, કરવા અક્ષયપદ લેવા હો—સા૦(૫)

---

૧. સેવા ૨. કાચના કકડા

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (જીહો જાણું અવધિ પ્રયુંજય-એ દેશી)

જી હો ! ધર્મ્મતીર્થકર જગગુરૂ, લાલા ! નિર્જિત મોહ નરેંદ,
જી હો ! ઘાતી કરમ ઉચ્છેદીને, લાલા ! કેવલ પ્રગટયું અમંદ.,
જિણેસર ! ધરમ પરમ કહે ધીર–જિણે૦(૧)
જી હો ! શેષજ્ઞાન છદમસ્થનાં,લાલા ! અંતરભાવે તે હોય,
જી હો ! જિમ અંશુમાલિની[૧] કાંતિમાં, લાલા ? ઉડૂગણ[૨]લયલીન જોય–જિણે૦ (૨)
જી હો ! જ્ઞાન સમે સવિ સુર તિહાં, લાલા ! ત્રિગડું રચે મનોહર,
જી હો ! પૂરવાભિમુખે પ્રભુ સ્થિતિ કરે, લાલા ! ભાસુર આસને સાર–જિણે૦(૩)
જી હો ! શેષ ત્રિદિશ ત્રિદશ[૩] કરે, લાલ ! તદનુરૂપ પ્રતિબિંબ,
જી હો ! નિરખી હરખે સુર નરા, લાલા ! પામી જિમ પિક[૪] અંબ–જિણે૦ (૪)
જી હો ! સંયત-કલ્પ-નારી-અજ્જા, લાલા થિતિ અગનિકોણે કરંત,
જી હો ! જોઈશ-ભવન-વ્યંતર-સુરી, લાલા ! થિતિ નૈરૂતે વિરચંત–જિણે૦ (૫)
જી હો ! એ સુર-ત્રિક જિન વંદીને, લાલા ! વાયુદિશે સોહંત
જી હો ! કાલ્પિદ-નરપતિ-કામિની, લાલા ! ઈશાનકૂણે વિલસંત–જિણે૦ (૬)
જી હો ! તે ઉપગારી જિનધર્મને, લાલા ! કહે પડિબોહેરે જીવ
જી હો ! હિંસાદિક દૂષણ વિના, લાલા ! દુવિધ પ્રકારે અતીવ–જિણે૦(૭)
જી હો ! એકાંતવાદી મત સવે, લાલા ! વિરચેં ધર્મપ્રકાર
જી હો ! પિણ મૌનીંદ્ર દરશન વિનુ, લાલા ? જાણે ન ધર્મ ઉદાર–જિણે૦ (૮)

જી હો ! દુરગતિ પડતાં જીવને, લાલા ! ધારક કહો રે ધર્મ
જી હો ! યોગવંચક ક્રિયા કરી, લાલા ! ચઉગઈ સાધે અધર્મ–જિણે૦(૯)
જી હો ! આતમ ગુણ સવિ ઉલ્લસ્યાં, લાલા ! પરગ્રાહ કરી દૂર
જી હો ! નિત્યાનંદે વિલસતાં, લાલા ! ધર્મજિણંદ વડનૂર–જિણે૦(૧૦)
જી હો ! ભાવ-ધરમદાયક વિભુ, લાલા ! નિરધારી થિર બુદ્ધ
જી હો ! **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** આદરે, લાલા ! પ્રગટે ધર્મ વિશુદ્ધ–જિણે૦ (૧૧)

---

૧. સૂર્યની ૨. ગ્રહગણ ૩. દેવો ૪. કોયલ

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

ધર્મજિનેશ્વર પંદરમા, અવધારો અરદાસ-રંગીલે આતમા
શરણાર્થી હું આવીઓ, રાખો ચરણે દાસ–રંગીલે૦ ધર્મ૦(૧)

ક્રોધ-પાવક ઉઠે થકે, બાળેપુણ્યનું ખેત-રંગીલે૦
માન-મતંગજ જે ચઢયા, તેહને કીધો દુઃખ સંકેત–રંગીલે૦ ધર્મ૦(૨)

માયા-સાપણ જે ડશી, તે ન ગણે મિત્ત-અમિત્ત-રંગીલે૦
લોભ-પિશાચે જે ગ્રસ્યા, તે નિશ-દિન ચાહે ચિત્ત–રંગીલે૦ ધર્મ૦(૩)

ક્ષમા માર્દવ આર્જવ ગુણે, સંતોષ સુભટ કરો હાથ-રંગીલે૦
ક્રોધાદિક ચાર નવિ રહે, સિંહ-નાદે ગજ સાથ–રંગીલે૦ ધર્મ૦(૪)

ધર્મી સેવે ધર્મનાથને, ન્યાયે સેવે જેમ ન્યાય-રંગીલે૦
**ઋદ્ધિકીર્ત્તિ** અનંતી આપો, જિમ અમૃત પદ મુજ થાય–રંગીલે૦ ધર્મ૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

ધર્મ જિનેસર ! તાહરો, મીઠી નજરે દીદાર-હે રાય
જોઈ જાણ્યા ભલા દિન આપણા, રડવડ તે રલીયાતની બાંહ્ય ગ્રહીમેં સાહરે—જોઈ૦ (૧)
સુખીયા હોવે સાહિબા, ગરજુ ચાકર દેખે હે-રાય
દિલભરી પૂછેને વાર્તા, પણ ન ટાલે સાહિબ રેખે હે—રાય જોઈ૦(૨)
ઈંદ્ર જેવા જસ આગલે, દરબાર રહે દાસ હે-રાય
મુજ સરીખાની ઓલગે, દેવ કોણ શાબાસ હે—રાય જોઈ૦(૩)
તુજ મુખ ઉપદેશ લેશથી, પામી જે સુખ શાત હે-રાય૦
ગજમુખથી કણ પામીને કીડી પોષે જાત હે—રાય જોઈ૦(૪)
કહેવો તો છે મો વસુ, સાંભળવો તુમ્હ હાથ હે-રાય
વિમલ ચિત્ત ધરી રાખશો, તો **દાનચંદ્ર** સનાથ હે—રાય જોઈ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (આદિજિણંદ મયા કરો-એ દેશી)

ધર્મમૂરતિ ધર્મનાથજી, વાત સુણો એક મોરી રે
તું કલ્પદ્રૂમ અવતર્યો, અનોપમ કરણી તોરી રે—ધર્મ૦(૧)
દોવિધ ધરમ તેં ભાખીઓ, તે દોય શિવપુર પંથ રે,
તિહાં રાગ-દ્વેષ દોય રાક્ષસા, વળી ચોર જોર મનમથ રે—ધર્મ૦(૨)
તુજ પસાય નર પામીયા, ભવઅટવીનો પારો રે
નર-સુર સંપદ ભોગવી, થયા શિવનગરી-શણગારો રે—ધર્મ૦(૩)
જે તુજ આણા-બાહિરા, તે નરગ નિગોદ ભમંતા રે
ક્રોધ-લોભ-મોહ-કામના, દુઃખ અનેક સહંતા રે—ધર્મ૦(૪)

જે તુજ વાણી-રાતડા, ધન ધન તે નર નાર રે
મેરૂવિજય ગુરૂરાયનો, **વિનીત** વંછિત જયકાર રે—ધર્મ૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-યમન)

ઐસેં કૈસેં જસ પઈ એહો લાલન-જસ પઈયેહો લાલન
તુમ તો જાકર બેઠે સુખ જોરી—ઐ૦(૧)
સબહી ઠોર મોંસો[૨] નિપટ ભલાઈ, પ્રથમ કીની કૈસેં કરતોરી—ઐ૦(૨)
ઇતિહિ આન તુમ રહત છિપાઈ, કવન કીની તોસોં હમ ચોરી—ઐ૦(૩)
કહેત **અમૃત** કવિ ધરમપ્રભુસોં, ચરનસેવા દીજે અબ તોરી—ઐ૦(૪)

૧. આપો ૨. મારા જેવો

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(હે સખી ! અમીય રસાલકે ચંદોવાખંડરે-એ દેશી)

પ્રણમું [૧]ધર્મ જિણેસર ધર્મધુરંધરૂં રે—ધર્મ૦
ધરીયે ધર્મસનેહ અનેહીજ વરૂં રે—અને૦ ।
[૨]રતનપુરનો નાયક લાયક સોહતોરે,-લાયક૦;
[૩]કંચનકાંતિ સુકાંતિ સદા મોહતો રે—સદા૦..।।૧।।
તેજે (૧)ભાનુસમાન [૪]ભાનુવસુધાપતિ(૨) રે-ભાનુ૦,
[૫]સુવ્રતામાતા વિખ્યાત સદા વ્રત ધારતી રે-સદા૦ ।
[૬]વજ્રલંછન શુભ લંછન અંગ બિરાજતાં રે-અંગ૦ ।
તેતાલીશ [૭]ગણધાર ગુણકર છાજતારે—ગુણ૦..।।૨।।

દશલાખ વરસનું [૮]જીવિત સુરધણી રે-જીવિત,
પણયાલીસા ધનુમાને [૯]કાયા જિનતણી રે-કાયા૦ ।
[૧૦]કિંનરનામે યક્ષ પૂરે મનકામના રે-પૂરે૦
[૧૧]કદર્પ સુરી[૩] પૂજે પદકજ સ્વામીના રે–પદ૦ ।।૩।।
સોહે સબલા ચોસઠ સહસ [૧૨] તપોધના રે,-સહસ૦,
સહસ બાસઠ ચ્યારસેં [૧૩] સાધવી ભવિજનારે, સાધવી૦ ।
તુજસરીખો નહી સ્વામી અવર કિમ આદરૂં,-અવર૦ ।
મધુરી સાકર ચાખી કંકર શું કરૂં રે ?-કંકર૦ ।।૪।।
ગુણવંત સાથે ગોઠડી જો હોય નિષ્ખલીરે-જો૦ ।
ત્રિભોવન નાથ અનાથકેં મોયણિ તે ભલીરે, -મોયણિ૦ ।
જો સફળી હોવે પ્રીત તો નીચ ન સેવીયેરે,-નીચ૦ ।
**પ્રમોદસાગર** ત્રિવિધશું ભવિજન સેવીયે રે–ભવિ૦ ।।૫।।

---

૧. સૂર્ય જેવો ૨. ભાનુ રાજા ૩. સાધુ

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (દીઠીહો પ્રભુ દીઠી મૂરત તુજ-એ દેશી)

ફળિયા ! હો ! પ્રભુ ! ફળિયા મનોરથ મુજ્જ,
મળિયા હો ! પ્રભુ ! મળિયા ધર્મ જિનેશ્વરૂજી
ઉરણ હો ! પ્રભુ ! પૃથવી ઊરણ કીધ,
પૂરણ હો ! પ્રભુ ! આશાપૂરણ સુરતરૂજી....॥૧॥
આપે હો ! પ્રભુ ! આપે સવિ સુખ રિદ્ધિ,
થાપે હો ! પ્રભુ ! થાપે નિજપદ લોકનેજી;
વ્યાપે હો ! પ્રભુ ! વ્યાપે પ્રભુ ગુણ જેહ,
કાપે ! હો ! પ્રભુ ! કાપે તેહના શોકનેજી....॥૨॥
ધન ધન ! હો ! પ્રભુ ! ધન ધન તું જગમાંહિ,
મુજમન હો ! પ્રભુ ! મુજમનમેં તુંહિજ વસ્યોજી ।
નિરખી હો ! પ્રભુ ! નિરખી તાહરૂં રૂપ,
હરખી હો ! પ્રભુ ! હરખી તનમન ઉલ્લસ્યોજી....॥૩॥
સમતા હો ! પ્રભુ ! સમતા અમૃતસિંધુ,
ગમતા હો ! પ્રભુ ! મન ગમતા સ્વામી મળ્યાજી ।
તેહવા હો ! પ્રભુ ! તેહવા દીઠા આજ,
જેહવા હો ! પ્રભુ ! જેહવા કાને સાંભળ્યાજી....॥૪॥
માહરી હો ! પ્રભુ ! માહરી પૂગી આશ,
તાહરી હો ! પ્રભુ ! તાહરી દ્રષ્ટી હુઈ હવેજી ।
વાઘજી હો ! પ્રભુ ! વાઘજી મુનિનો ભાણ,
પન્નરમા હો ! પ્રભુ ! પન્નરમા જિનને વિનવેજી....॥૫॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

ધરમ જિનેસર ધરમી જનશું, કામણડું કિમ કીજે,
સેવકના ચિત્તને ચોરીને પાછી ખબર ન લીજે ।
[1]નિપટ નિરાગી થઈને એવા બેસી રહ્યા એકાંતે,
શ્યો [2]અવગુણ ? ગુણવંત પ્રભુજી ! અમને કહોને ખાંતે—ધરમ૦..॥૧॥

જિમ તુમે કીધું તિમ અમે કરશું કામણડું તુમ સાથે,
ભગતિ બળે વિધિશું વશ કરીને કરશું તુમને હાથે ।
રાખશું અમે હિયડા ઉપર જાવા ક્યાંય ન દેશું,
નિશ-દિન મુખડું જોઈ જોઈ, આનંદ અંગે લેશું—ધરમ૦..॥૨॥

માહરું મન પાતિકડે મેલું તે હવે થાશે શુદ્ધ,
ભાખી જે કરૂણાસાગર તેહવી કાંઈક બુદ્ધ ।
તુમ વિણ કેહને પૂછું ? એહવી માહરી અંતર વાત,
કોઈને તેહવે [3]સયણ [4]સખાયો, જગબંધવ જગતાત—ધરમ૦..॥૩॥

ગંગાજળ પરે નિર્મળ જે નર તાહરા ગુણને ગાવે,
અનુભવ-યોગે જિન (નિજ) ગુણભોગે તે તુમ રૂપ કહાવે ।
ભાવે પાવે પાવન પટુતા પ્રાણી તે જગમાંહી,
વ્યસનાદિક તે નાવે [5]નેડાં જે ઝાલ્યા તે બાંહી—ધરમ૦..॥૪॥

દૂર રહ્યો પણ નહીં હું અળગો વળગ્યો તાહરે પાય,
ધ્યાયક ધ્યાન ગુણે અવલંબી ધ્યેય-સરૂપી થાય ।
શ્રી અખયચંદસૂરીશ-પસાયે થઈને એકી ભાવે,
હલશું-મિલશું ઇણિપુરે તુમને, **ઋષિખુશાલ** ગુણ ગાવે–ધરમ૦..।।પ।।

---

૧. એકદમ ૨. વાંક ૩. કુટુંબી ૪. મિત્ર ૫. પાસે

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (પ્રશ્નોત્તર પૂછે પિતારે એ દેશી)

ધરમધુરંધર ધરમજીરે, ધરમ એ નાથ નિદાન ।
અવસર પામી આપણોરે, સમય થઈ સાવધાનરે-ધરમ ન મૂકીયે..।।૧।।
અંગવિલેપન તાહરે રે, માહરે મનશું રે ભાવ ।
ગ્રહી અંગે ગુણ મુદારે, હવે ન ખેલું હું દાવરે–ધરમ૦।।૨।।
મોહ મદે મુજ ભેળવ્યો રે, કુમતિ કદાગ્રહી નાર ।
સમતાશું મન મેળવીરે, કીધો ઈણે ઉપગાર રે–ધરમ૦।।૩।।
કર હવે કરૂણા ! નાથજીરે, શરણાગત આધાર ।
કર્મમલ નિવારવારે, એ મોટો આધાર રે–ધરમ૦।।૪।।
સેવા કીધી મેં તાહરીરે, ફળી હવે માહરીરે આશ;
પ્રેમપદારથ ભોગવોરે, **ચતુર**ને લીલવિલાસરે–ધરમ૦।।પ।।

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (સફળ સંસાર અવતાર એ હું ગણું-એ દેશી)

ધરમ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવિયે ।
જાતિ જસુ એકતા તેહ પલટે નહિ, શુદ્ધ ગુણ-પજ્જવા વસ્તુ સત્તા સહીં..॥૧॥
નિત્ય નિરવયવ વળી એક અ-ક્રિય પણે, સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે ।
તેહથી ઈતર સાવયવ-વિશેષતા, વ્યક્તિ-ભેદે પડે જેહની ભેદતા..॥૨॥
એકતા પિંડને નિત્ય અ-વિનાશતા, અસ્તિ નિજ-રીદ્ધિથી કાર્યગત ભેદતા।
ભાવશ્રુત-ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય-પર્યાયની જે પરાવર્ત્તિતા..॥૩॥
ક્ષેત્ર-ગુણ ભાવ અ-વિભાગ અનેકતા, નાશ-ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા ।
ક્ષેત્ર-વ્યાપ્યત્વ અ-ભેદ અ-વક્તવ્યતા, વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા..॥૪॥
ધર્મ-પ્રાગભાવતા સકળ ગુણ-શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા ।
શુદ્ધ-સપ્રદેશના તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય-ગ્રાહકગતા..॥૫॥
સંગ-પરિહારથી સ્વામી ! નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક-આનંદ પદ સંગ્રહ્યું ।
જઈ વિ પરભાવથી હું ભવોદધિ વસ્યો, પર તણો સંગ સંસારતાએ ગ્રસ્યો..॥૬॥
તહવિ સત્તા-ગુણ જીવ છે નિરમળો, અન્ય-સંશ્લેષ જિમ ફટિક નવિ શામળો ।
જે પરોપાધિથીદુષ્ટ-પરિણતિ ગ્રહી, ભાવ-તાદાત્મ્યમાં માહરૂં તે નહીં..॥૭॥
તિણે પરમાત્મ-પ્રભુ-ભક્તિ-રંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્ત્વ-પરિણતિમયી ।
આત્મ-ગ્રાહક થયે તજે પર-ગ્રહણતા, તત્વ-ભોગી થયે ટળે પર-ભોગિતા..॥૮॥
શુદ્ધ નિઃપ્રયાસ નિજ ભાવ-ભોગી યદા, આત્મક્ષેત્રે નહીં અન્ય-રક્ષણ તદા ।
એક અ-સહાય નિસ્સંગ નિરદ્વંદ્વતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા..॥૯॥

તિણે મુજ આતમા તુજ થકી નિપજે, માહરી સંપદા સકળ મુજ સંપજે ।
તિણે મનમંદિરે ધર્મ-પ્રભુ ધ્યાઈયેં, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ-સુખ પાઈયે..॥૧૦॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

**(થેં તો મહેલાંરાં પોઢણહાર, ડુંગર ડેરા ક્યું મહારા રાજ)**

સાહિબા મારા [1]વિણ-સેવોએ દાસ, કહો કુણ ? તારિવાજી-મારા રાજ-કહો૦ ।
સા૦ સેવા-દાન જે દીધ, તે અર્થ શ્યા સારિયાજી ?—મા૦અ૦.॥૧॥

સા૦ નાવા તારે જે નાથ ! કે, નિશ્ચય તારકુજી—મા૦નિ૦ ।
સા૦ આપ તરે અરિહંત કે, અવરાં કર્મ-વારકુજી—મા૦અ૦॥૨॥

સા૦ ઓળગતા દિન-રાત કે,કદીક નિવાજીએજી—મા૦ક૦ ।
સા૦ બિરુદ જે ગરીબ-નિવાજ કે, સાચ દિવાજીએજી—મા૦સા૦॥૩॥

સા૦ ઉપકારી નરપાત્ર, કુપાત્ર ન લેખશેજી—મા૦કુ૦ ।
સા૦ જવું સમ-વિષમા-ધાર, જલદ કેમ દેખશેજી ?—મા૦જ૦॥૪॥

સા૦ જપ કર્યે કર્મ એ ઈશ,પડયો જસ લેયશેજી—મા૦પ૦ ।
સા૦ ધરશે ધર્મનું ધ્યાન તે, **જીવણ** જસ દેયશેજી—મા૦જી૦॥૫॥

---

૧. સેવા વિના

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (સંભવ જિનવર ! વિનતિ)

ધર્મ-જિનેસર સાહિબા, વિનવિયે ઇણ રીતે રે ।
[1]ઈજ્જત અધિક છે માહરી, પ્રભુજી સાથે પ્રીતે રે—ધર્મ૦ ।।૧।।

સમરથ સાહિબ જો લહી, રહીયે એકણ [2]ઘાટે રે ।
તો સવિ મન-વાંછિત ફલે, દુશ્મન-હિયડાં ફાટે રે—ધર્મ૦ ।।૨।।

સિંહ-ગુફા જો સેવિયે, તો [3]સહી મોતી લહીયે રે ।
[4]જંબૂક-[5]દર [6]કર ઘાલતાં, કહો ! [7]કેહું ફલ ગહિયે રે—ધર્મ૦ ।।૩।।

સમરથ [8]સાજન સંપજે, પૂરવ-વખત પ્રમાણે રે ।
ચિંતામણિ ! દોહિલું હોવે, જોતાં પણ [9]મણિ-ખાણે રે—ધર્મ૦ ।।૪।।

જગ-ચિંતામણિ ! તું મિલ્યો,સઘળી વાતે[10]સ-નૂરો રે ।
**દાનવિજય** કહે માહરાં, મન-વાંછિત સુખ પૂરો રે—ધર્મ૦ ।।૫।।

---

૧. પ્રતિષ્ઠા ૨. નિશ્રાએ ૩. સાચા ૪. શિયાળની ૫.બખોલ ૬. હાથ ૭. કેવું ૮.સારા માણસ ૯ . મણિની ખાણમાં ૧૦. સંપૂર્ણ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (ઋષભ-જિણંદા ઋષભ જિણંદા એ-દેશી)

ધરમ-જિનેસર [1]કેસર-વરણા, અલવેસરૂ [2]સરવાંગી-શરણા।
એ ચિંતામણિ [3]વાંછિત-કરૂણા, ભજ ! ભગવંત ભુવન-ઉદ્ધરણા—ધરમ૦॥૧॥

[4]નવલે નૂર [5]ચઢતે શૂરે, જે જિન ભેટે ભાગ્ય-અંકુરે ।
પ્રગટ-પ્રભાવે પુણ્ય[6] પંડૂરે, દારિદ્રય-દુઃખ તેહનાં પ્રભુ ચૂરે—ધરમ૦॥૨॥

જે સેવે જિન-ચરણ-હજૂરે, તાસ ઘરે ભરે ધન ભરપૂરે ।
ગાજે [7]અંબર [8]મંગળ-તૂરે, અરિયણના ભય ભાંજે દૂરે—ધરમ૦॥૩॥

ગજ ગાજે શોભિત [9]સિંધુરે, જન સહુ ગાજે સુ-જસ સપુરે ।
ગંજ્યો જાય ન [10]કિણહી કરૂ રે, અરતિ થાય ન કાંઈ [11]અણુ રે—ધરમ૦॥૪॥

જિમ ભોજન હોય દાલને કૂરે, જીપે તે રણ-તેજે શૂરે ।
**મેઘ** તણાં જળ નદીય [12]હલુરે, તિમ તેહને સુર લખમી-પૂરે—ધરમ૦॥૫॥

---

૧. કેશર જેવી કંચનવર્ણી કાયાવાળા ૨. સર્વ રીતે શરણભુત ૩. ઈષ્ટવસ્તુની પૂર્તિ કરવામાં ૪. નવા ઉમંગથી ૫. ચઢતા પરિણામે ૬. નિર્મળ ૭. આકાશમાં ૮. મંગલવાજિંત્ર ૯. સિંદૂરથી ૧૦. કેમે કરી ૧૧. જરાપણ ૧૨. વધ કરી મુકે

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(વીર જિણંદ જગત ઉપકારી-એ દેશી)

ધર્મ-જિનેસર ! સુણ ! પરમેશ્વર ! તુજ ગુણ કેતા કહાયજી ।
તુજ વચને તુજ રૂપ જણાયે, અવર ન કોઈ ઉપાયજી–ધર્મ૦॥૧॥
તાહરે મિત્ર અને શત્રુ સમ, અરિહંત તુંહી ગવાયજી ।
રૂપ-સ્વરૂપ અનુપમ તું જિન ! તોહી અ-રૂપી કહાયજી–ધર્મ૦॥૨॥
લોભ નહિ તુજમાંહિ તો પણ, સઘલા ગુણ તેં લીધજી ।
તું નિ-રાગી પણ તેં રાગી, ભગત તણાં મન કીધજી–ધર્મ૦॥૩॥
નહિં માયા તુજમાં જિનરાયા ! પણ તુજ વશ જગ થાયજી ।
તુંહી સ-કલ તુજ અ-કલ કલે કુણ ? જ્ઞાન વિના જિનરાયજી ! ધર્મ૦॥૪॥
સુગુણ-સનેહી મહેર કરો, મુજ સુપસન્ન હોઈ જિણંદજી ।
પભણે **કેશર ધર્મ** જિનેસર ! તુજ નામે આણંદજી–ધર્મ૦॥૫॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

(બેડલઈ ભાર ઘણો છઈ રાજિ વાતાં કેમ કરો છો-એ દેશી)

ધરમ-જિણેસર સાહિબ, મનમાં ધરઈ, ઇક તુમ્હ ધ્યાન ।
અલવેસર ! વાલ્હેસર ! જિનજી ! કરિઈ તુમ ગુણ-ગાન-
પ્રભુજી ! અરજ કરી જઈ રાજ ! મુઝ પર મહિર કરી જઈ ! ।
-સેવક દિલ સંભારો રાજ ! ચિત્તમાં ચાહ ધરી જઈ
પ્રેમ નિજર કરી ઠારો રાજ, હિયડેઈ હેજ ધરી જઈ ॥૧॥

અમ મન-મંદિરમાં હઈ વસતાં, સ્યું મન વાત ન જાણો ।
કૃપા કરીને દરસણ દીજે, અતિઘણો હઠ નવિ તાણો–પ્રભુજી૦॥૨॥

તુમ્હ મુખ-પંકજ જોવા કાજે, જે અમ્હ લાગો તાનો ।
મહિમા-નિધિ મનમોહન જિનજી, તે સ્યું તુમ્હથી છાંનો ?–પ્રભુજી૦॥૩॥

નેક નજર કરી નેહે નિરખો, સેવક-જન સંભારી ।
સહજ-સલૂણા અંતરજામી, કીજઈ તુમ્હ બલિહારી–પ્રભુજી૦॥૪॥

તું તન ધન મન તું દિલયાની, તું આતમ-આધાર ।
જગજીવન જિનજી ! તુમ નામે, **કનકવિજય** જયકાર–પ્રભુજી૦॥૫॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(ઉંચો ગઢ ગ્વાલેરનો એ-દેશી)**

ધર્મ જિનેસર વંદીએ, હેજ હીએ હરષત-પ્રભુજી ।
સમરથ નૂર ન આ જગે, ઉપગારી અરિહંત-પ્રભુજી–ધર્મ૦॥૧॥

ગુણ-ગિરૂઆશું ગોઠડી, કરતાં અતિ ઉછાહ-પ્રભુજી ।
નીચ નિવાહી સકૈ નહિ, પગ પગ હોઈ દાહ-પ્રભુજી–ધર્મ૦॥૨॥

રાય ભાનુ સુત પેખતાં, પામૈ મન આરામ-પ્રભુજી ।
જિમ ગજરેવા રીતડી, જિસ સીતા મન રામ-પ્રભુજી–ધર્મ૦॥૩॥

તિમ મોરે મન તું વસ્યો, ઓર ન સેવું દેવ-પ્રભુજી ।
તુમ ચરણે ચિત રંજીયું, કરશ્યું અહનિશિ સેવ-પ્રભુજી–ધર્મ૦॥૪॥

સાહિબ વિસારો રખે ! એતા દિનની પ્રીત-પ્રભુજી ।
અવસર પામી આપણો, સેવક ધરજ્યો ચિત-પ્રભુજી—ધર્મ૦॥૫॥
અપણાયત જાણી કરી, મૂકોં કાંય નિરાશ ?-પ્રભુજી ।
**રૂચિર**, પ્રભુ પય સેવતાં, પામે અતિ ઉલ્લાસ-પ્રભુજી—ધર્મ૦॥૬॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (વીરે વખાણી રાણી ચેલણાજી-એ દેશી)

હું જાણું [૧]હિવણાં જઈજી,નાથનઈ ઠગસ્યું [૨]નિહાલ ।
[૩]માલિમ નાથનઇ નહી પડઈજી, વિરુઉં માયા તણું જાલ—હું૦॥૧॥
દીન ઘણું જઈ ભાખસ્યુંજી, નાથ છઇ પરમ-કૃપાલ ।
આપશ્યે નિજ-સુખના [૪]લવાજી, ફલશ્યે મનોરથ-માલ—હું૦॥૨॥
વિષય-સ્વાદનૈ વિલસતાંજી, ચાખસ્યું એ પણિ ચીઝ ।
નાથ તો સર્વ જાણી રહ્યાજી, દાસના કપટનું બીજ—હું૦॥૩॥
કાન ફોડી રહ્યો બારણેજી, [૫]ભિક્ષુ [૬]પરિ ઠગ દાસ ।
નાથ તો રહૈ સમભાવમેંજી, કરઈ ન સુ-દૃષ્ટિ-પ્રકાશ—હું૦॥૪॥
અમૃત સરસ લવા લહૈજી, સેવક તેહ સુજાણ ।
કહે **ભાવપ્રભ** જે શિર ધરઈજી, ધરમ જિણંદની આણ—હું૦॥૫॥

૧. હમણાં ૨. જોઈને ૩.ખબર ૪. કોળીયા ૫.ભીખારી ૬. જેમ

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (વિમલ-જિન ! દીઠાં લોયણ આજ-એ દેશી)

ધર્મ-જિનેસર ધ્યાઈએ રે, આણી અધિક સનેહ ।
ગુણ ગાતાં ગિરૂઆ તણા રે, વાધે બમણો નેહ-
-જિનેસર ! પૂરો માહરી આશ ! જિમ પામું શિવપુર-વાસ—જિને૦॥૧॥
કાલ અનાદિ-નિગોદમાં રે, ભમ્યો અનંતીવાર ।
કર્મ નઠોરે રોળવ્યો રે, સેવ્યા પાપ અઢાર—જિને૦॥૨॥
પ્રાણાતિપાત મૃષા ઘણું રે, ત્રીજું અદત્તાદાન ।
વિષયા-રસમાં રાચીયોરે, કીધું બહુ દુરધ્યાન—જિને૦॥૩॥
નવવિધ પરિગ્રહ મેળવ્યો રે, કીધો ક્રોધ અપાર ।
માન-માયા-લોભે કરી રે, ન લહ્યો તત્ત્વ-વિચાર—જિને૦॥૪॥
રાગ-દ્વેષ-કલહ કર્યા રે, દીધાં પરને આળ ।
પૈશુન્ય-રતિ-અરતિ વળી રે, સેવતાં દુઃખ અસરાળ—જિને૦॥૫॥
પાપ-સ્થાનક સેવી જીવડો રે, રૂલ્યો ચઉ-ગતિ-મોઝાર ।
જન્મ-મરણાદિ વેદના રે, સહી તે અનંત અપાર—જિને૦॥૬॥
એહ વિડંબન આકરી રે, ટાળો શ્રી જિનરાજ
બાંહ ગ્રહીને તારજો રે, સારો સેવક કાજ—જિને૦॥૭॥
ધર્મ-જિણંદ સ્તવતાં થકાં રે, પોહોતી મનની આશ ।
જિન-ઉત્તમ પદ સેવતાં રે, **રતન** લહે શિવ-વાસ—જિને૦॥૮॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ ધાએ ધાએ ગોગ ચહુઆણ, ધણ વાલ્યા લાછીતણાં-એ દેશી)

ધરમી પ્રાણી ધાય ધરમ-જિનેસર ધ્યાઈએ ।
ધ્યાતાં આણંદ થાઈ, હરખિ જિન ગુણ ગાઈએ ॥૧॥
પ્રહ ઉઠી પ્રભુ પાય, એક મન આરાધીઈએ ।
અશુભ ઉપાધિ મિટ જાય, મન વંછિત ફલ સાધીએં એ ॥૨॥
જપતાં જિનવર નામ વિષમ વિજોગ વિદારિઈ એ।
કરતાં પ્રભુ-ગુણ ગ્રામ, પાપ-સંતાપ નિવારીઈએ ॥૩॥
પૂજતાં પરમ-કૃપાલ, શુચિ સુરપદ સિદ્ધિ લઈએ ।
આપે મંગલ માલ, ઋદ્ધિ સિદ્ધ નિધાનઈએ ॥૪॥
**માણેકમુનિ** અરદાસ, સાહિબાજી ! ચિત ધરીઇ રે ।
કીજે સુમતિ પ્રકાશ, કુમતિ કદાગ્રહ તારિઈએ ॥૫॥

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

(મારૂજી નીંદડલી નયણાં બીચ ઘોલ રહી-એ દેશી)

સજની ! ધર્મ-જિણેસર સોહતો,
પરમ-ધરમનું નિધાન હો-અ-કલ-સરૂપી ।
સજની ! સારથવાહ શિવ-નગરનો,
ત્રિભુવન-તિલક સમાન હો-અ-કલ-સરૂપી
સજની ! ધર્મનાયક જિન વંદીયેં.........॥૧॥

સજની ! વિજય-વિમાનથી આવીયો,
સિંહબાહુ અણગાર હો-અકલ૦ ।
સજની ! રત્નપુરેં સુરમણિ થયો,
લીધો નર-અવતાર હો—અકલ૦ સજની૦ ધરમ૦.........॥૨॥

સજની ! જિન જનમ્યા પુષ્પ રીખમે,
કર્કરાશિ સિરદાર હો-અકલ૦ ।
સજની ! દેવગણ છાગજોનિ લહી,
વરતાવ્યો જયકાર હો—અકલ૦ સજની૦ ધરમ૦.........॥૩॥

સજની ! દોય વરસ સંજમ ગ્રહી,
વિચર્યા દીન-દયાલ હો-અકલ૦ ।
સજની ! દધિપર્ણ હેઠલ કેવલી,
થયા કર્મ પ્રજાલ હો—અકલ૦ સજની૦ ધરમ૦.........॥૪॥

સજની ! આઠસેં મુનિ રાજશું,
અ-વિનાશી-પદ લીધ હો-અકલ૦ ।
સજની ! ધર્મ અનંત સુખ મેં ભલ્યા,
**દીપાવી** નિજ રીદ્ધ હો—અકલ૦ સજની૦ ધરમ૦.........॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (જંબૂદીવ મઝા વિદેહની ઢાલ)

ધરમનાહ [1]પિઅ ભાણુ (૧) માતા સુવ્વયા (૨)
વિજય વિમાણ થકી ચવીય (૩) ।
[2]રયણ પુરઇ [3]વય (૪) છઠિ (૫) જન્મને (૬) કેવલ,
(૭) ઘણું [4]પણ ચત્તા (૮) કંચણ છવીય (૯) ॥૧॥
ચ્યારિ અયર અનંત-ધરમ વિચાલઈ (૧૦)
દસ લખ વરસાં આઉષય (૧૧)
[5]વઈર અંક (૧૨) રિખ (પુકખ) (૧૩)
દહિવણ્ણતરૂવર (૧૪) તેયાલા ગણધર નમઉ ય (૧૫) ॥૨॥
ધમ્મસીહ આહાર (૧૬) દેવી પન્નત્તી (૧૭)
તિમ પણમઇ જકૂખ કિન્નરાય (૧૮) ।
સહસ ચ્યારિ દુગ લખ્ખ સાવય જાણીયઈ (૧૯)
કર્ક રાશિ (૨૦) પ્રભુ ગણધરા ય ॥૩॥
ચઉસઠિ સહસ મુણિંદ (૨૧) સાવિઅ ચઉં લખ્ખ,
સહસ તેર ઉપરિ ધરીય (૨૨) ।
સાહુણી સહસ બાસઠિ, સાહિઅ ચઉસય (૨૩),
સંમેતઇં શિવસિરિ વરીય (૨૪) ॥૪॥

૧. પિતા ૨. રત્નપુરીમાં ૩. દીક્ષા ૪. પિસ્તાલીશ ૫. વજ્રનું

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(શત્રુંજા ગિરિના વાસી રે મુજરો માનજો રે-એ દેશી)

ધરમ-જિણંદને ધ્યાવો ધ્યાનમાં રે, જાસ વડાઈ છે કેવલ જ્ઞાનમાં રે ।
જિનજીએ ભાખ્યા ભાવ અનેક, તે સાંભલતાં આવેં હૃદય-વિવેક-
-ભકત-વચ્છલ પ્રભુ અમને ભવ-જલ તારશે રે॥૧॥

ધર્મ કહ્યો છેં રેં વસ્તુ-સ્વભાવનો રે, વસ્તુ પ્રકાશેં રે દ્રવ્ય બનાવને રે ।
ચર-થિર-અવગાહન પરિવત્તિરે, પૂરણ-ગલણ ચેતન ગુણ કીર્તિ-
-એહવા ભાવને ધર્મ વખાણીઓ રે—ભકત૦.॥૨॥

પાંચ અનેરા રે આતમ-દ્રવ્યથી રે, તેહનો જ્ઞાતા રે ચેતન ભવ્યથી રે ।
તસ પરિચય કરતાં સત્વ, પામે પરમાર્થિક નિજ તત્ત્વ
-તેહનો રે લાભ અપાર સુખકરૂ રે—ભકત૦.॥૩॥

જીવ સંસારી તે નિજ-ધર્મને રે, નિજ ચિંતતો રે લહે શિવ-શર્મને રે ।
દ્રવ્યથી ગુણ-પર્યાય વિશેષ, તન્મય થાતાં કાર્ય અશેષ-
-સાધક સાધે રે સાધને સાધ્યને રે—ભકત૦.॥૪॥

ચેતના દોય સાકાર નેં પરા રે, અનાકાર અવગમ દગ આગરા રે ।
પરતક્ષ ભાસે લોક-અલોક, નાશે ભવ-ભ્રમણાનો શોક-
-જિનજી નેં સેવ્યા રે સવિ સુખ સંપજે રે—ભકત૦.॥૫॥

એહવા અતિશય ધર્મ-જિણંદના રે, તે અનુમોદે રે વૃંદ મુણિંદના રે ।
તે લહે સુખ-સૌભાગ્ય સહેંજે, અભિનવ ચંદ્રકલા સમવેત-
-આપો આતમ-શક્તિ **સ્વરૂપને** રે—ભકત૦.॥૬॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (નારી તે પિયુને વિનવે હો લાલ-એ દેશી)

ધર્મ-જિનેસર ધ્યાવતાં હો ! લાલ, મુજ મન વરે [1]રૂહાડ- સલુણા સાહિબા ।
પણ આઠ અરિ આડા ફરે. હો લાલ, જેહની મોટી ધાડ—સલુણા૦ ॥૧॥

પહેલો અજ્ઞાન-પટ આડો ધરે હો લાલ, તો કિમ દેખું રૂપ-સ ।
બીજો રાખે રોકીને હો ! લાલ, મિલવા ન દીયે જિન ભૂપ—સ૦॥૨॥

મધુર-ખડગ-ધાર ચાટવી હો ! લાલ, ત્રીજો દેખાડે સુખ-સ ।
જીભ-છેદથી વેદના હો ! લાલ, તિમ ભોગવાવે દુઃખ-સ૦॥૩॥

ચોથે મદિરાપાન પાઈને હો ! લાલ ! વિકલ કરે મુજ બુદ્ધ-સ૦ ।
યથા-તથા પણે બોલતાં હો ! લાલ, પાછળ ન રહે શુદ્ધ—સ૦॥૪॥

હેડે ઘાલે પાંચમો હો ! લાલ, રાખે ભવ પર્યંત-સ૦
જનમ મરણ કરાવે ઘણાં હો ! લાલ, નાવ્યો ભવનો અંત—સ૦॥૫॥

છઠો વિવિધ-રૂપ દાખવે હો ! લાલ, ચિતારા સમ તેહ ।
ગતિ-જાતિ નામે કરી હો ! લાલ, બોલાવે બહુ એહ—સ૦॥૬॥

ઉંચ-નીચ કુલ ઉપજાવતો હો ! લાલ, દ્યે હેલના-બહુમાન ।
કુલાલ સમ તે જાણીયે હો ! લાલ, સાતમાનું અભિધાન—સ૦॥૭॥

દાન દેતાં રાજા પ્રતે હો ! લાલ, રાખે રખવાલ જિમ-સ૦ ।
દાન-લાભાદિક-લબ્ધિને હો ! લાલ, આઠમો વારે તિમ—સ૦॥૮॥

એ અરિને અલગા કરો હો ! લાલ, વિનવું વારોવાર-સ૦ ।
શ્રી ગુરુ ખિમાવિજય સેવતાં હો ! લાલ, જશને દ્યો ભવ-પાર—સ૦॥૯॥

---

૧. રઢ = પક્કડ

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

(રાગ-રામગિરિ)

ધર્મ-જિન વરદ-દરસણ પાયો, પ્રબલ-પુણ્યે આજ રે ।
માનું ભવ-જલ[1] રાશિ તરતાં, જડયું જંગી-જહાજ રે—ધર્મ૦।।૧।।

સુકૃત-સુરતરૂ સહેજે ફળીયો, [2]દુરિત ટલ્યો વેગરે ।
ભુવન-પાવન સ્વામી મિલ્યો, ટાલ્યો સકલ ઉદ્વેગ રે—ધર્મ૦।।૨।।

નામ સમરૂં રાત-દિહા, પવિત્ર જિહાં હોઈ રે ।
ફરી ફરી મુજ એહ [3]ઈહા, નેહ-નયણે જોઈ રે-ધર્મ૦।।૩।।

તુંહિ માતા તુંહિ ત્રાતા, તુંહિ ભ્રાતા સયણ રે ।
તુંહિ સુરતરૂ તુંહિ સદ્‌ગુરૂ, નિસુણી સેવક-વયણ રે—ધર્મ૦।।૪।।

આપે વિલસો સુખ અનંતા, રહ્યા દુઃખથી દૂર રે ।
ઈણ પરે કિમ શોભા લેશો, કરો દાસ [4]હજુર રે—ધર્મ૦।।૫।।

એમ વિચારી ચરણ-સેવા, દાસને દ્યો દેવ રે ।
**જ્ઞાન-વિમલ** જિણંદ-ધ્યાને, લહે સુખ નિત્યમેવ રે—ધર્મ૦।।૬।।

---

૧. સમુદ્ર ૨. પાપ ૩. ઇચ્છા ૪. સેવામાં

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-સારંગ)

મન ધ્યાન સદા જિનકો ધરૂં ।
પ્રીતિ-પ્રતીતિ ધરી ચિત અંદર, એક તુંહી તુંહી કરૂં—મન૦।।૧।।

જગકે મૂલ ચેતનકી, રાગાદિક-અરિ પરહરૂં ।
રત્નત્રાય ગુણનિરમલ કરકે, દુરગતિ દુખમેં નાપરૂં—મન૦।।૨।।

જિનવર નામ ધ્યાન-નાવા ચઢી, [૧]અ-ગમ [૨]અ-તર ભવજલ તરૂ ।
**ગુણવિલાસ** ધર્મનાથ કૃપા કર, શિવ-કમલા હેલા વરૂં—મન૦।।૩।।

---

૧. ન સમજી શકાય તેવો ૨. ન કહી શકાય તેવો

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(દીઠો સુવિધિ જિણંદ-એ દેશી)

ધરમ-જિણેસર દેવ અનંત ધર્મ, ધારણો હો લાલ- —અનંત૦ ।
પર પર વાદ ઉપાધિ મિથ્યાત-નિવારણો હો લાલ- —મિથ્યાત૦।।૧।।

આગમ યુગતિ વિવેક અ-શેષ હીયેં ધરો હો લાલ- અ—શેષ૦ ।
તે જન શ્રી જિનરાજ સંસાર થકી તરો હો- —સંસાર૦।।૨।।

ભક્ત વત્સલ પ્રતિપાલ દયાલ દયા કરી હો-દયાલ૦ ।
પરમ પાવન તુઝ નામ તારક, જગમાં તરી હો—તારક૦।।૩।।

તે માટે પ્રભુ [illegible] નિધાન૦ ।
આશ્રવ દુરિ [1]ઓથેલી, સમાધિ ધરો, સદા હો–સમાધિ૦ ।।૪।।

અવધારો અરદાસ પ્રકાશક જ્ઞાનનો હો-પ્રકાશક૦ ।
જગજીવન જિનરાજ ધીરજ, તુઝ ધ્યાનનો હો–ધીરજ૦....।।૫।।

---

૧. હડસેલી

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-વસંત)

ભજ ભજ મન ! પન્નરમો જિણંદ, ભવ-ભવકે નિવડે ફંદ, ભજ૦ ।
જાકું સેવે સુર-નર ઇંદ, દરસન દેખે પામે આનંદ ।
ઉલ્લસે મન જેસે ચકોર ચંદ, કાટે દુઃખ કઠોર કરમ ફંદ—ભજ૦ ।।૧।।

સમકિત-દાયક સુખકો નિધાન, સબ પ્રાણી કું દીયે અભયદાન ।
અજ્ઞાન-મહાતમ-ઉદયભાન, સો પ્રભુ કું ધરી હૃદય ધ્યાન—ભજ૦ ।।૨।।

લહીયે જાથે સંસાર-પાર, અ-વિચલ સુખ-સંપત્તિ દેણહાર ।
નિરાધારનો તુંહી આધાર, જિનહર્ષ નમીજે વારંવાર—ભજ૦ ।।૩।'


# શ્રી ધર્મનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

સખિ ધર્મ જિનેસર પૂજીએ,
જિન પૂજે મોહને ધ્રુજીએ ॥
પ્રભુ વયણ સુધારસ પીજીએ,
કિન્નર કંદર્પ રીઝીએ......॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી ॥
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી ॥
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી ॥
નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી.....॥૧॥



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

## શ્રી ધર્મનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : ભાનુ રાજા | માતાનું નામ | : સુવ્રતા માતા |
| જન્મ સ્થળ | : રત્નપુરી | જન્મ નક્ષત્ર | : પુષ્ય |
| જન્મ રાશી | : કર્ક | આયુનું પ્રમાણ | : ૧૦ લાખ વર્ષ |
| શરીરનું માપ | : ૪૫ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : બે વર્ષ | દીક્ષા વૃક્ષ | : દધિપર્ણ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૪૩ | જ્ઞાન નગરી | : રત્નપુરી |
| સાધુઓની સંખ્યા | : ૬૪,૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૬૨,૪૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૦૪,૦૦૦ | શ્રાવિકાની સંખ્યા | : ૪,૧૩,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | [illegible] | [illegible] | : નિર્વાણી |
| પ્રથમ ગણધરનું નામ | : [illegible] | [illegible] | : આર્યશીલા |
| મોક્ષ આસન | : [illegible] | [illegible] | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : [illegible] | [illegible] | : મહા સુદિ ૩ |
| દીક્ષા કલ્યાણક | : મહા સુદિ ૧૩ | કેવલજ્ઞાન કલ્યાણક | : પોષ સુદિ ૧૫ |
| મોક્ષ કલ્યાણક | : જેઠ સુદિ ૫ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |


| | |
|---|---|
| વિવાહીત | કેટલા સાથે દીક્ષા |
| : બે વર્ષ | દીક્ષા વૃક્ષ |
| : ૪૩ | જ્ઞાન નગરી |
| : ૬૪,૦૦૦ | સાધ્વીઓની સંખ્યા |
| : ૨,૦૪,૦૦૦ | શ્રાવિકાની સંખ્યા |


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩